આજનો સુવિચાર

ખરાબ સમયમાં જ સૌનો અસલી રંગ દેખાય છે. દિવસના અજવાળામાં તો પાણી પણ ચાંદી જેવું લાગે છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૪૮ જૂનાગઢ તા.૯-૬-૨૦૨૩ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 148, Junagadh : Date : 9 Jun, 2023, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


## ગુજરાત પર વાવાઝોડાનો સૌથી વધુ ખતરો : દરીયામાં જોરદાર કરંટ : અધિકારીઓને હેડકવાર્ટર નહી છોડવા આદેશ

ગાંધીનગર તા. ૯

ગુજરાતના અરબી સમુદ્રમાં સર્જાયેલા બિપરજોય નામના ચક્રવાતને લઈને હવામાન વિભાગ દ્વારા ચેતવણી જાહેર કરવામાં આવી છે કે વાવાઝોડું ઉત્તર-ઉત્તર પશ્ચિમ તરફ આગળ વધી રહ્યું છે અને આગામી બે દિવસ સુધી આ દિશામાંજ આગળ વધતું રહેશે તેવી શક્યતા છે. હાલ બિપરજોય વાવાઝોડું ગુજરાતના દરિયાકાંઠાથી ૮૫૦ કિ.મી દૂર છે.

અરબી સમુદ્રમાં સર્જાયેલા બિપરજોય વાવાઝોડાને લઈને હવામાન વિભાગ દ્વારા ચેતવણી જાહેર કરવામાં આવી છે કે ચક્રવાત ધીમે ધીમે ઉત્તર-ઉત્તર પશ્ચિમ તરફ આગળ વધી રહ્યુ છે જેને પગલે દરિયાકાંઠાના તમામ જિલ્લામાં વહીવટીતંત્ર એલર્ટ બની ગયુ છે તેમજ જીલ્લા અને તાલુકા કક્ષાના અધિકારીઓને પોતાના હેડક્વાર્ટર નહીછોડવા આદેશ કરવામાં આવ્યો છે. ગુજરાતના બંદરો પર ભયસૂચક સિગ્નલ લગાવી દેવામાં આવ્યા છે તેમજ નેશનલ અને રાજ્યડિઝાસ્ટર મેનેજમેન્ટની ૧૧ટીમોને એલર્ટ પર રાખવામાં આવી છે.

ગુજરાતમાં વાવાઝોડાના પગલે તંત્રએ સાવધાની રાખવા માટે લોકોને દરિયાકાંઠે અવરજવર તેમજ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી હતી તેમ છંતા પણ ગઈકાલે દ્વારકાના દરિયામાં એક યુવક નાહવા પડતાં ડૂબવા લાગ્યો અને બૂમાબૂમ કરતા ડૂબી રેહલા યુવકને બચાવવા માટે એક યુવકે દરિયામાં છલાંગ લગાવી હતી જો કે ડૂબી રહેલો યુવક થોડીવારમાં દરિયાકાંઠે આવી ગયો હતો જ્યારે બચાવવા ગયેલો યુવક દરિયામાં લાપત્તા બન્યો હતો જેની શોધખોળ હાથ ધરવામાં આવી છે. અરબ સાગરમાં સર્જાયેલા ચક્રવાત બિપરજોયને લઈ ગુજરાતના દરિયાકાંઠાના તમામ જિલ્લામાં વહીવટીતંત્ર એલર્ટ બન્યું છે. રાજયના તમામ બંદરો પર મંગળવાર અને બુધવારથી જ ભયસૂચક સિગ્નલ લગાવી દેવામાં આવ્યાં છે. જિલ્લા અને તાલુકાકક્ષાના અધિકારીઓને હેડક્વાર્ટર ન છોડવા આદેશ કરવામાં આવ્યો છે. ભાવનગર, અમરેલી, જામનગર, માંગરોળ, પોરબંદર, ઉના, વલસાડ, નવસારી અને દ્વારકાના દરિયામાં જોરદાર કરંટ જોવા મળી રહ્યો છે.

## ચોમાસાની ગતિ વધી : ૧૫ થી ૨૦ જૂન દરમ્યાન ગુજરાતમાં પ્રવશે કરશે

નવીદિલ્હીતા.૯ : ભારતમાંનૈઋત્યનાં ચોમાસાનું કેરળમાં આગમન થઈ ગયુ છે અને સાનુકુળ પરિસ્થિતિને કારણે બહુ ઝડપથી આગળ ધપતુ હોય તેમ કર્ણાટકને કવર કરી લીધાની સાથે ગોવા-મહારાષ્ટ્રનાં માર્ગે છે.હવામાન વિભાગે જણાવ્યું હતું કે કેરળમાં ચોમાસાનું આગમન ભલે મોડુ થયુ હોય પરંતુ હાલ ઝડપી પ્રગતિ છે.

કેરળ ઉપરાંત કર્ણાટકને કવર કરી લેવા સાથે દક્ષિણ તામીલનાડુ કોમોરીન ક્ષેત્રનાં બાકીના ભાગો મન્નારની ખાડી તથા દક્ષિણ-પશ્ચિમ મધ્ય તથા ઉતર પુર્વ બંગાળની ખાડી તરફ આગળ ધપી રહ્યું છે. ચોમાસાની વર્તમાન ગતિને ધ્યાને લેવામાં આવે તો બાકીના રાજયોમાં સમયસર પહોંચી જાય તેવી શક્યતા છે. ગોવા તથા મહારાષ્ટ્રમાં વિકએન્ડમાં જ થવા આવતા સપ્તાહમાં પહોંચી શકે છે. બિહાર તથા ઝારખંડમાં ચોમાસુ ૧૮ થી ૨૦ જુને આવી શકે છે. ગુજરાતમાં ૧૫ થી ૨૦ જુન દરમ્યાન ચોમાસુ પ્રવેશ કરી લે તેવી શકયતા છે.

## લોકસભાની ચૂંટણી વહેલી યોજવા ભાજપ દ્વારા મંથન

નવી દિલ્હી,તા. ૯: શું લોકસભાની ચૂંટણી તેના નિયત સમય કરતાં પહેલાં થઈ શકે છે? શુંપાંચ રાજયોનીવિધાનસભાની ચૂંટણીઓની સાથે કે તેના પછી તરત જ લોકસભાની ચૂંટણી યોજાઈ શકે છે. મોદી સરકાર દ્વારા૯વર્ષની સિદ્ધિઓનો પ્રચાર કરવામાંઆવીરહ્યો છે એ વાતનો સંકેત આપે છે આવા સવાલો અત્યારે નવી દિલ્હીનાં રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યા છે. સુત્રો અનુસાર સરકાર અને ભાજપમાં ટોચના નેતાઓ આ બાબતે વિચારી રહ્યા છે.

સામાન્ય રીતે લોકસભાની ચૂંટણીના થોડા મહિના પહેલાં સરકાર પોતાના રાજમાં થયેલાં કામોની વિગતો લોકો સુધી પહોંચાડવા માટે કેમ્પેન ચલાવેછે. જોકે આ વખતે કેન્દ્ર સરકારે ૯ વર્ષના કામકાજ અને સફળતાઓને રજૂ કરવાની જાહેરાત કરી હતી. તેનાથી માનવામાંઆવી રહ્યું છે કે સરકાર અને પાર્ટીના ટોચના લેવલે લોકસભાની ચૂંટણી વહેલી યોજવા માટે ગંભીરતાથી વિચાર કરવામાં આવી રહ્યો છે.

## ગુજરાતમાં ત્રણ સહિત દેશમાં ૫૦ નવી મેડીકલ કોલેજ ખુલશે

નવી દિલ્હી, તા.૯

આગામી સમયમાં દેશમાં ૫૦ નવી મેડીકલ કોલેજ ખુલશે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે તેની મંજુરી આપી દીધી છે. તે સાથે જ દેશમાં મેડીકલ સીટોની સંખ્યા વધીને એક લાખ સાત હજારથી વધુ થઈ ગઈ છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું હતું કે, ૫૦ કોલેજોને નવું સત્ર શરૂ કરવાની મંજુરી આપી દેવાઈ છે. દેશમાં હવે કુલ ૭૦૨ મેડીકલ કોલેજ થઈ ગઈ છે. તેમાં કુલ એમબીબીએસ સીટોની સંખ્યા ૧,૦૭,૬૫૮ થઈ ગઈ છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે, એમબીબીએસ બાદ યોજાનારી બહુ પ્રતીક્ષિત એકઝીટ પરીક્ષા નેકસ્ટ-આગામી વર્ષથી શરૂ થશે. આ ટેસ્ટ ત્રણ જરૂરિયાત પુરી કરશે. એક એમબીબીએસની અંતિમ પરીક્ષાનું સ્થાન લેશે.

## કર્ણાટકમાં જીત બાદ હવે કોંગ્રેસ સંગઠનમાં ફેરફારની તૈયારી

દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૯

કર્ણાટકમાં મળેલી જીતે કોંગ્રેસ અને તેના કાર્યકરોમાં ઉત્સાહ ભરી દીધોછે. આવી સથિતિમાં કોંગ્રેસેહવે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીની તૈયારી શરૂ કરી દીધી છે. પ્રથમ સંસ્થાકીય ફેરબદલની યોજના છે. આ ક્રમમાં કોંગ્રેસ ટૂંક સમયમાં રાજસ્થાન, મહારાષ્ટ્ર, દિલ્હી, ગુજરાત, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ અને ઝારખંડમાં નવા અધ્યક્ષની જાહેરાતકરી શકે છે. આ સાથેપાર્ટીકોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધીને મોટી જવાબદારી સોંપીશકે છે.

સૂત્રોએ જણાવ્યું કે કોંગ્રેસ ટૂંક સમયમાંઓરીસ્સા, હરિયાણા અને બિહારમાં નવા પ્રભારીઓની નિમણૂક કરશે. આ સાથે મહારાષ્ટ્ર અને તમિલનાડુમાં પ્રભારી પણ બદલવામાંઆવશે. હકીકતમાં, આ બંને રાજયોના વર્તમાન પ્રભારી દિનેશ ગુંડો રાવ અને એચકે પાટીલને તાજેતરમાં કર્ણાટકની સિદ્ધારમૈયા સરકારમાં મંત્રી બનાવવામાં આવ્યા છે.

સૌથી રસપ્રદ વાત એ છે કે ટૂંક સમયમાં રાજસ્થાનમાં પણ નવા પ્રદેશ અધ્યક્ષના નામ પર મહોર લાગી શકે છે. કારણ કે રાજયમાં અશોક ગેહલોત અને સચિન પાયલટ વચ્ચેનો મતભેદ સામે આવ્યા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર આગામી એકથી ત્રણ સપ્તાહમાં સમગ્ર સંગઠનાત્મક ફેરબદલની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે. આ પદો માટેના ઉમેદવારોના નામ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે પાસે પહોંચી ગયા છે.

## ભાજપને આત્મચિંતન કરવાની સંઘની સલાહ

## મોદીનો કરિશ્મા - હિન્દુત્વની વિચારધારા ચૂંટણી જીતવા માટે પુરતા નથી

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી,તા. ૯

કર્ણાટકમાં ભાજપની શરમજનક હાર બાદ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે ભાજપને 'આત્મચિંતન'કરવાની સલાહ આપી છે. સંઘે પોતાના મુખ્ય પત્ર ઓર્ગેનાઈઝરમાં કહ્યું છે કે દરેક જગ્યાએ જીત માટે માત્ર પીએમ મોદી અને હિન્દુત્વ પૂરતું નથી. આરએસએસએ ભાજપના મિશન ૨૦૨૪ને ધ્યાનમાં રાખીને આ સલાહ આપી છે.

આરએસએસે આ સમયગાળા દરમિયાન પાર્ટીને સ્પષ્ટ કરી દીધું છે કે મજબૂત જન આધાર અને પ્રાદેશિકનેતૃત્વ વિના ચૂંટણી જીતવી સરળ નથી.

વાસ્તવમાં કર્ણાટકમાં ચૂંટણી પ્રચાર દરમિયાન ભાજપે સ્ટાર પ્રચારકોખાસ કરીને વડાપ્રધાન મોદી અને હિન્દુત્વ પર ભાર મૂક્યો હતો. કર્ણાટકની ચૂંટણીમાં આવા ઘણા મુદ્દા ઉઠાવવામાં આવ્યા હતા જેનો સીધો સંબંધ હિન્દુત્વ સાથે હતો. ભાજપ આ મુદ્દાઓને આધારે એકતરફી જીત નોંધાવવાનો પ્રયાસ કરી રહ્યો હતો. જો કે, જનતાએ ભાજપને ઊંધો પાડી દીધો અને કોંગ્રેસને વિજયનો તાજ પહેરાવ્યો. પણ ભાજપ માટે આ ચોક્કસપણે મોટો ફટકો હતો.

## ભારતમાં ૧૦ કરોડ લોકો ડાયાબીટીસનો ભોગ મેડીકલ જર્નલમાં ચોંકાવનારો ખુલાસો

ચેન્નાઈ/નવી દિલ્હી,તા.૯ : ભારતમાં ડાયાબિટીસના દર્દીઓ ઝડપથી વધી રહ્યા છે. ICMRના અભ્યાસ મુજબ, ૨૦૧૯માં ૭ કરોડ લોકો ડાયાબિટીસથી પીડિત હતા, જયારે હાલમાં આ સંખ્યા વધીને ૧૦.૧ કરોડ થઈ ગઈ છે. આ અભ્યાસ યુકેની મેડિકલ જર્નલ 'લેસેન્સ' પ્રકાશિત થયો છે. કેટલાક વિકસિત રાજયોમાંઆ સંખ્યા સ્થિર છેજયારેઅન્ય રાજયોમાં તેઝડપથી વધી રહી છે જે ચિંતાનો વિષય છે. અભ્યાસમાં કહેવામાં આવ્યું છે કે રાજ્ય સ્તરે તાત્કાલિક પગલાંલેવાની જરૂર છે. સર્વે અનુસાર, દેશની વસ્તીના ઓછામાં ઓછા ૧૫.૩ટકા એટલે કે ૧૩.૬ કરોડ લોકો પ્રી-ડાયાબિટીક શ્રેણીમાં છે, જેનો અર્થ એ છે કે તેઓ ટૂંક સમયમાં ડાયાબિટીસની ઝપેટમાં આવી શકે છે. સર્વેમાં ૨૦ વર્ષ અને તેથી વધુ ઉંમરના લોકોને સામેલ કરવામાં આવ્યા છે. ગોવામાં સૌથી વધુ ડાયાબિટીસનો પ્રસાર (૨૬.૪%) છે. અભ્યાસમાં ચેતવણી આપવામાં આવી છે કે યુપી, એમપી, બિહાર અને અરુણાચલ પ્રદેશ જેવા ઓછા વ્યાપવાળા રાજયો આગામી વર્ષોમાં 'ડાયાબીટીસ વિસ્ફોટ' જોઈ શકે છે. મદ્રાસ ડાયાબિટીસ રિસર્ચ ફાઉન્ડેશનના પ્રેસિડેન્ટ, અભ્યાસના લેખક ડો. રણજીત મોહન અંજનાએ જણાવ્યું હતું કે પુડુચેરી અને દિલ્હીમાં લગભગ સમાન સંખ્યામાં ડાયાબિટીસ અને પ્રી-ડાયાબિટીસના કેસ છે. આવી સ્થિતિમાં, આ રોગ સ્થિર સ્થિતિમાં છે. એ ચિંતાનો વિષય છે કે જે રાજયોમાં ડાયાબિટીસના દર્દીઓની સંખ્યા ઓછી છે ત્યાં વૈજ્ઞાનિકોને પ્રી-ડાયાબિટીસના લોકો વધુજોવામળ્યા છે. ઉદાહરણ તરીકે, યુપીમાં ડાયાબિટીસનો વ્યાપ ૪.૮ ટકા છે, જે દેશમાં સૌથી ઓછો છે, પરંતુ પ્રી-ડાયાબિટીસનો વ્યાપ ૧૮ ટકા છે, જે રાષ્ટ્રીય સરેરાશ ૧૫.૩ ટકા કરતાં વધુ છે. ડો. અંજનાએ કહ્યું, 'યુપીમાં ડાયાબિટીસનાપ્રત્યેક એક દર્દી માટે ચાર લોકો પ્રી-ડાયાબિટીક સ્ટેજમાં છે. મતલબ કે આ લોકોને જલ્દી ડાયાબિટીસ થશે.

## યુરોપનાં ૨૦ થી વધુ દેશોમાં મંદીનાં ઓછાયા : ભારત પર પણ અસર થશે

લંડન તા. ૯ :

વિશ્વ પર છવાઈ રહેતા મંદીના વાદળો વચ્ચે યુરોપ ઝોનના સૌથી મોટા અને વિશ્વના ચોથા નંબરના અર્થતંત્રગણાતા જર્મનીમાં સતત બે કવાટર વિકાસ દર નેગેટીવ ઝોનમાં જતા હવે આ દેશ મંદીમાં પ્રવેશી ગયા હોવાનું જાહેરથયું છે અને હવે યુરોપના બાકીના દેશોના યુરોઝોનમાં પણ અર્થતંત્ર ઘટતા જ આ દેશોમાં ચિંતા વધી ગઈ છે. રશિયાના યુક્રેન પરના આક્રમણ ગઈકાલે યુરોપમાં ઈંધણ સહિતના ભાવમાં વધારો થતા ફુગાવો પણ ખૂબજ ઉંચો ગયોછેઅને તેસ્થિતિમાં આર્થિક ગતિવિધિ પણ ધીમી પડતા અર્થતંત્ર પર બેવડી અસર થઈ છે.

યુરોઝોનના ૨૦ દેશોનું અર્થતંત્ર આ રીતે ખરાબ રીતે પ્રભાવિત થવા લાગ્યું છે. જો કે યુરોપના દેશોએ મંદી સામે હથિયાર હેઠળ મુકવાને બદલે હવે મંદી સામે પોલીસી સપોર્ટ ચાલુ રાખવાનો નિર્ણય લીધો છે. યુરોઝોનમાં જાન્યુઆરી-માર્ચના સમયગાળામાં સરકારી અને હાઉસહોલ બન્ને ખર્ચમાં મોટો ઘટાડો થયો છે.

જેના કારણે ભારતમાં પણ રોજગાર પરઅસર થશે. ખાસ કરીને ઉતરપ્રદેશમાં જે રીતે વારાણસીના કાલીન નિકાસના ઓર્ડર ૫૦ ટકા ઘટી ગયા છે. દર વર્ષે રૂા.૧૨૦૦ કરોડના ઓર્ડર એકલા યુરોપમાંથી મળતા હતા તે હવે સાવ તળીયે પહોંચ્યા છે. મેરઠમાં હેન્ડલુમ તથા ખેલકુદનાસામાનનો કારોબાર ૨૫-૩૦ ટકા ઘટી ગયો છે. કાનપુરમાં ચામડાના ઉત્પાદનનીમાંગ ૨૫ટકા ઘટી છે.

આગ્રામાં સ્ટોન હેન્ડીક્રાફટમાં ૩૦ટકા ઓર્ડર ઘટાડો થયો છે અને હવે યુરોપમાંથી ખાસ કરીને ભારતના શિયાળા સમયમાંઓકટો-ફેબ્રુઆરીની જે ટુરીસ્ટ સીઝન છે તેને પણ અસર થશે.

## ગુપ્ત દસ્તાવેજોનાં કેસમાં ડોનાલ્ડ ટ્રમ્પ આરોપી

વોશિંગ્ટન તા. ૯

અમેરિકાના પુર્વ પ્રમુખ તથા ૨૦૨૪માં પ્રેસીડેન્ટ ઈલેકશન ફરીથી લડવા માટે તૈયારી કરી રહેલા ડોનાલ્ડ ટ્રમ્પની કાનુની મુશ્કેલીઓ સતત વધી રહી છે. પ્રમુખપદના કાર્યકાળ બાદ દેશના કલાસીફાઈડ- એટલે કે જેને અત્યંત ગોપનીય શ્રેણીમાં મુકાયા હતા. તેવા દસ્તાવેજ વ્હાઈટ હાઉસ છોડતા સમયે સાથે લઈ જવાના આરોપમાં ટ્રમ્પની સામે મુકદમો ચાલશે તેવું મીયામીની એક ફેડરલ કોર્ટે જાહેર કર્યુ છે. ટ્રમ્પના નિવાસે થોડા સમય પુર્વે દરોડા પાડવામાં આવ્યા હતા તે સમયે આ પ્રકારના દસ્તાવેજો મળી આવ્યા હતા. આ સંબંધમાં મીયામીની એક ફેડરલ કોર્ટમાં ડોનાલ્ડ ટ્રમ્પ સામે જે ફરિયાદ દાખલ કરી તે સ્વીકારાઈ છે અને પુર્વપ્રમુખ ટ્રમ્પ હવે આ કેસમાં 'આરોપી' બની ગયા છે. અમેરિકાના ઈતિહાસમાં પ્રથમ વખત કોઈ પુર્વ પ્રમુખને ફેડરલ ચાર્જમાં આરોપી બનાવાયા છે. અગાઉ એક એડલ્ટ-મુવી સ્ટાર્સ સાથેના લફરામાં તેનુ મો બંધ રાખવા બદલ ટ્રમ્પે તેના ધારાશાસ્ત્રી મારફત જંગી રકમ ચૂકવી હતી તે બદલ તેઓની સામેના કેસ ચાલ્યો અને તેઓને આ પોર્ન સ્ટારને વળતર ચુકવવાની પણ ફરજ પાડી હતી.

## ભ્રષ્ટાચારીઓની હવે ખેર નથી : કાયદાકીય છટકબારીઓ બંધ કરવા ગુજરાત એસીબી નિષ્ણાંતોની નિમણુંક કરશે

ગાંધીનગર તા. ૯

ગુજરાત એન્ટી કરપ્શન બ્યુરોએ ભ્રષ્ટચારના આરોપમાં પકડાયેલ ભ્રષ્ટ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ કાયદાકીય છટકબારીઓનો લાભ લઈને સજામાંથી બચી ના જાય તે સુનિશ્ચિત કરવા માટે મહેસુલ, નાણાકીય, કાયદાકીય, ફોરેન્સીક, કરવેરા અને ટેકનીકલ સલાહકારોને નિમણુંકઆપવાનોનિર્ણય કર્યો છે.

રાજ્ય સરકારના લાંચ લેતા રંગેહાથ પકડાયેલા અધિકારીઓ અને કર્મચારીઓમાંથી ૬૯ ટકાને કોર્ટે છોડી મુકયા હતા. અનેક સરકારી વિભાગો જ્યાં વ્યાપકપણે ભ્રષ્ટાચાર ફેલાયેલો છે તેની સામે એસીબી ઝુંબેશ ચલાવી રહી છે. આના કારણે દોષિત ઠરાવવાના દરમાં થોડો વધારો થયો છે. જો કે ૨૦૧૦થી ૨૦૨૩ વચ્ચે આ દર માત્ર ૩૧ ટકા જ રહ્યો છે જે દર્શાવે છે કે એસીબીને વધુ ટેકનીકલ અને કાયદાકીય નિષ્ણાંતોની કેસ સાબિત કરવા માટે જરૂર છે. એસીબી દ્વારા કરવામાં આવેલ

૧૪૩૨ કેસોમાંથી ૯૮૮ આરોપીઓ નિર્દોષ છૂટી ગયા હતા અને માત્ર ૪૪૪ આરોપીઓને જ સજા થઈ હતી. એસીબીના કાર્યકારી ડાયરેકટર અનુપમસિંહ ગેહલોતે કહ્યું છેલ્લા પાંચ વર્ષમાં દોષિત ઠરાવવાના દરમાં સુધારો થયો છે.

## ૨૭ વર્ષ બાદ ભારતમાં મીસ વર્લ્ડ સ્પર્ધા યોજાશે

(મુંબઈ બ્યુરો) મુંબઈ તા.૯

લગભગ ત્રણ દાયકા બાદ વિશ્વ પ્રસિદ્ધ આંતર રાષ્ટ્રીય સૌદર્ય સ્પર્ધા મિલ વર્લ્ડ ૨૦૨૩ ભારતમાં યોજાશે.આ હાઈપ્રોફાઈલ ઈવેન્ટનું સ્થળ અને તારીખ હજુ જાહેર થઈ નથી પણ મીસ વર્લ્ડની ૭૧ મી ઓડીશન આ વર્ષે નવેમ્બર કે ડિસેમ્બરમાં યોજાય તેવી સંભાવના છે.છેલ્લે વર્ષ ૧૯૯૬ માંભારતમાંબેંગ્લોરમાં આસ્પર્ધા યોજાઈ હતી. ભારતીય સુંદરીઓ અત્યાર સુધી ૬ વાર મીસ વર્લ્ડની સ્પર્ધા જીતી ચુકી છે ૧૯૬૬ માં રીટા ફારીયા ભારતની સૌપ્રથમ મીસ વર્લ્ડ બનીહતી. ત્યારબાદ ઐશ્વર્યારાય (૧૯૯૪), ડાયેનાહેડન (૧૯૯૭) યુકતામુખી (૧૯૯૯), પ્રિયંકા ચોપડા (૨૦૦૦), અને માનુષી છીલ્લર (૨૦૧૭) મીસ વર્લ્ડ બની હતી. ભારત વતી આ મીસ ઈન્ડયા વર્લ્ડ સીની શેટ્ટી આ સ્પર્ધામાં ભાગ લેશે.

એક પ્રેસ કોન્ફરન્સમાં મિસ વર્લ્ડ ઓર્ગેનાઈઝેશનની ચેરપરસન અને સીઈઓજુલીયા મોર્લેએ જણાવ્યું હતું કે મને ૭૧ મીમીસ વર્લ્ડ ફાઈનલનાં સ્થળ તરીકે ભારતની જાહેરાત કરતા ખુબ ખુશી થઈ રહી છે. અમે આપની અનોખી અને વૈવિધ્યપૂર્ણ સંસ્કૃતિ, વિશ્વ સ્તરીય, આકર્ષણ અને ખુબસુરત સ્થળોને બાકીનાં વિશ્વ સાથે શેર કરવાની આતુરતાથી રાહ જોઈ રહ્યા છીએ.

## અગ્ની પ્રાઈમ બેલેસ્ટિક મિસાઈલનું સફળ પરીક્ષણ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૯

ભારતે ઓરીસ્સાના અબ્દુલ કલામ દ્વીપ પરથી પરમાણુ શસ્ત્રો લઈ જવામાં સક્ષમ નવી પેઢીની 'અગ્નિ પ્રાઈમ' મિસાઈલનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ છે, જેનાથી દેશની વ્યૂહાત્મક શસ્ત્ર પ્રણાલી મજબૂત થઈ છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશનના સ્ટ્રેટેજિક ફોર્સિસ કમાન્ડે ૧,૦૦૦ થી ૨,૦૦૦ કિલોમીટર (કિમી)ની સ્ટ્રાઈક રેન્જ સાથે મિસાઈલનું પ્રથમ 'પ્રી-ઈન્ડકશન' (સશસ્ત્ર દળોમાં સામેલ થવા પહેલાં) નાઈટ ટેસ્ટનું આયોજન કર્યુ હતું.



સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

એક શુભેચ્છક

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૧૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવારકરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

દુકાન વેચવાની છે

જૂનાગઢનાં ભરચક વિસ્તાર પંચહાટડી ચોકમાં જે.ડી. ચેમ્બર પહેલા માળે બે દુકાન નં. ૭ અને ૮ કુલ ૨૦૨ ફુટ વેચાણથી આપવાની છે. તદ્દન વ્યાજબી ભાવમાં

સંપર્ક : ૯૯૨૫૭ ૫૫૦૦૮

ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા (N.D.)

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
- કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)


ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

ચંદનનાં રોપા કેન્દ્ર - પ્લાસવા
જન કલ્યાણ નર્સરી એન્ડ ફાર્મ
(ગામ પ્લાસવા)
સફેદ ચંદન, લાલ જાંબુ, લીંબુડી, લીલી ચા, કેસર આંબા, મીઠી તુલસી (સ્ટેવીયા) વગેરેના રોપા અમારે ત્યાંથી મળશે
ઘનશ્યામભાઈ સાવલીયા
મો. ૭૪૦૫૭ ૪૧૯૦૬
કલ્યાણભાઈ સાવલીયા
મો. ૯૮૨૪૮ ૨૨૬૫૦

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમજય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

હરિ-કલા+
યુરોસર્જીકલ હોસ્પિટલ

ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪, મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

# ગુજરાત રાજ્ય "ઇલેક્ટ્રીક વ્હીકલ પોલિસી" હેઠળ અત્યાર સુધીમાં ૮૨૮૬ જેટલા ઈલેક્ટ્રિક વાહનોના રજીસ્ટ્રેશન સાથે ૪૨૫૩ વ્હીકલને રૂા.૯.૯૪ કરોડની સહાય ચુકવાઈ




(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૯

સમગ્રવિશ્વ ગ્લોબલ વોર્મિંગ જેવી વૈશ્વિક સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે ત્યારે પરિવહન ક્ષેત્રે વધતા ઈંધણના ભાવને લઈ વિશ્વ સ્વચ્છ ઈંધણ પરિવહન તરફ વળી રહ્યું છે. ભારત સરકારના પરિવહન મંત્રાલય દ્વારા લેવાયેલા ક્રાંતિકારી પગલાંથી સડકમાર્ગથી સાર્વજનિક પરિવહન અને મુસાફરીની પરંપરાગત રીતોમાં ધરખમ પરિવર્તન આવ્યા છે. કેન્દ્ર સરકારનું લક્ષ્ય છે કે, ૨૦30 સુધીમાં સમગ્ર દેશનું પરિવહન સંપૂર્ણ રીતે ઈલેક્ટ્રિક સંચાલિત કરવું. સરકાર સ્વચ્છ ઊર્જા આધારિત વાહનોની ખરીદી ઉપર ભાર મૂકી રહી છે ત્યારે "ફાસ્ટર એડોપ્શન એન્ડ મેન્યુફેક્ચરિંગ ઓફ હાઈબ્રીડ એન્ડ ઈલેક્ટ્રિક વ્હીકલ્સ ઈન ઈન્ડિયા" (FAME) યોજના મુખ્યત્વે જાહેર પરિવહન માટે ઈલેક્ટ્રિક ગાડીઓ બનાવનાર અને તેને ખરીદનારાને પ્રોત્સાહન આપે છે. આ યોજના અંતર્ગત ઈ.વી. વાહનોની ખરીદી માટે સબસીડી આપવામાં આવે છે, ઉપરાંત, રાજ્ય સરકાર દ્વારા પણ ઈ.વી. વાહનોની ખરીદી બાદ વધારાની સહાય ચૂકવવામાં આવે છે. ઈલેક્ટ્રિક વાહનોનાં અનેક ફાયદા છે, તેની જાળવણીમાં ખૂબ ઓછો ખર્ચ આવે છે. દેશમાં સતત વાયુ પ્રદૂષણ વધી રહ્યું છે ત્યારે ઈલેક્ટ્રિક વાહનો ડીઝલ-પેટ્રોલ સંચાલિત વાહનોની સરખામણીમાં ઓછી કાર્બન ફૂટપ્રિન્ટ છોડે છે. જે પર્યાવરણને અનુકૂળ બનાવે છે, જેના પરિણામે લોકો ઈલેક્ટ્રીક વાહનો તરફ વળી રહ્યા છે. ભારતમાં ઈલેક્ટ્રિક વાહનોના વેચાણમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે ત્યારે ગુજરાતમાં રાજકોટ જિલ્લામાં પણ ઈલેક્ટ્રિક વાહનો પરત્વે લોકોનો ઝુકાવ વધી રહ્યો છે. રાજકોટ જિલ્લાની વાત કરતાં વાહનવ્યવહાર અધિકારીશ્રી કેતનસિંહ ખપેડે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા ગુજરાત રાજ્ય "ઈલેક્ટ્રીક વ્હીકલ પોલિસી- ૨૦૨૧" લાગુ કરાતા લોકોમાં ઈલેક્ટ્રિક વાહનોની ખરીદી બાબતે જાગૃતિ આવી છે. છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં ઈલેક્ટ્રિક વાહનોની ખરીદીમાં ધરખમ વધારો થયો છે. અત્યાર સુધીમાં ૮૨૮૬ જેટલા વાહનોનું રજીસ્ટ્રેશન થઈ ચૂક્યું છે. વર્ષ ૨૦૨૧માં ટુ વ્હીલર ૩૭૯, ઈ રિક્ષા વિથ કાર્ટ ૭૭, બસ ૨૨, મોટર કાર ૪૮, થ્રી વ્હીલર ગુડ્સ ૨૫, થ્રી વ્હીલર પેસેન્જર ૦૨, ફોર્ક લિફ્ટ ૦૧ સહિત કુલ ૪૯૭ વાહનનું રજીસ્ટ્રેશન થયું છે. વર્ષ ૨૦૨૨માં ટુ વ્હીલર ૩૭૮૯, ઈ રિક્ષા વિથ કાર્ટ ૦૭, બસ ૨૮, મોટર કાર ૧૫૦, થ્રી વ્હીલર ગુડ્સ ૧૦૮, થ્રી વ્હીલર પેસેન્જર ૦૬ સહિત કુલ ૪૦૯૮ વાહનનું રજીસ્ટ્રેશન થયું છે. વર્ષ ૨૦૨૩માં તા.૦૪.૦૬.૨૦૨૩ની સ્થિતિએ અત્યાર સુધીમાં ટુ વ્હીલર ૨૯૧૨, ઈ રિક્ષા વિથ કાર્ટ ૦૩, અપંગ વ્યક્તિ માટે ૦૧, મોટર કાર ૧૨૫, થ્રી વ્હીલર ગુડ્સ ૫૯, થ્રી વ્હીલર પેસેન્જર ૦૩ સહિત કુલ ૩૧૦૩ વાહનનું રજીસ્ટ્રેશન થયું છે, તેમજ ૪૨૫૩ જેટલા ઈલેક્ટ્રોનિક વાહનોને રૂ.૯,૯૪,૪૯,૪૦૦ની સબસિડી ચૂકવવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સરકારની આવી ઉદાર નીતિના પરિણામે છેલ્લા બે વર્ષમાં સમગ્ર રાજ્યમાં ઈલેક્ટ્રીક વાહનોના વપરાશમાં નોંધપાત્ર વધારો થયો છે.

### રાજકોટના ભિક્ષુક સ્વીકાર કેન્દ્રમાં આશ્રય લઈ રહ્યા છે ૩૦ અંતેવાસીઓ

# ભિક્ષુકોના પુર્નઃસ્થાપન માટે ઉદ્યોગ શિક્ષકો આપે છે વણાટ કામ, સાવરણા બનાવવા, બાગકામ સહિતની અપાય છે તાલીમ : અંતેવાસીઓએ બનાવ્યા ૧૦૦ ટુવાલ

**ઘર જેવી સુવિધાવાળા ભિક્ષુક કેન્દ્રના ભિક્ષુકોનો તમામ નિભાવ ખર્ચ ભોગવે છે રાજય સરકાર મનોરંજન માટે ટીવી ચેનલો, ડીવીડી ઉપલબ્ધ : રમતગમત, વ્યાખ્યાનની પણ વ્યવસ્થા**






(પ્રતિનિધિ દ્વારા)


રાજકોટ તા.૯

રાજય સરકાર દ્વારા ભિક્ષુકોનું સમાજમાં પુનઃસ્થાપન થાય, સમાજના મુખ્ય પ્રવાહમાં તેઓ ભળે તે માટે ઘર જેવી સુવિધાવાળા ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર રાજયભરના તમામ મુખ્ય શહેરો અને નગરોમાં ચલાવવામાં આવી રહયા છે. રાજકોટના કાલાવડ રોડ ઉપર જયોતિનગર ચોક ખાતે આવેલ ભિક્ષુક સ્વીકાર કેન્દ્રમાં હાલ ૩૦ અંતેવાસીઓ (ભિક્ષુકો) આશ્રય લઈ રહ્યા છે. આ કેન્દ્ર ૬૦ અંતેવાસીઓનો સમાવેશ કરવાની ક્ષમતા ધરાવે છે. અંતેવાસીઓનો રહેવા- જમવા સહિતનો તમામ નિભાવ ખર્ચ રાજયસરકાર ભોગવે છે. આ કેન્દ્રના નાયબ અધિક્ષક બી.પી.રાઠોડના માર્ગદર્શન હેઠળ ભિક્ષુકો ભિક્ષા વૃતિ છોડીને રોજગાર મેળવી શકે તે માટેની કેટલીક ઈત્તર પ્રવૃતિઓ પણ કરાવવામાં આવે છે. ડીટેઈન થયેલા ભિક્ષુકોને વણાટની તાલીમ, સાવરણા બનાવવાની તાલીમ અને ટુવાલ જેવી વસ્તુઓ બનાવવાની તાલીમ આપવામાં આવે છે. ગયા વર્ષે સો જેટલા ટુવાલ અંતેવાસીઓ દ્વારા બનાવાયા હતા. અંતેવાસીઓ પાસે બાગ બગીચામાં ફુલના છોડની જાળવણીના પણ કામ કરવામાં આવે છે. સંસ્થાના પરિસરની સફાઈ અને કપડા ધોવાનું કામ અંતેવાસીઓ જાતે જ કરે છે. અંતેવાસીઓના રહેઠાણમાં મનોરંજન માટે ટીવી પ્રોગ્રામ, રમતગમત, વ્યાખ્યાન વગેરેની વ્યવસ્થા પણ કરવામાં આવે છે. વિશેષ દાતાના સહકારથી ડીશ ટીવી અને ડીવીડી ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. સમાજ સુરક્ષા અધિકારી પ્રાર્થના સેરસિયાએ જણાવ્યા અનુસાર, મુંબઈ ભિક્ષા પ્રતિબંધક ધારો ૧૯૫૯ અને ગુજરાત ભિક્ષા પ્રતિબંધક ધારો ૧૯૬૪ હેઠળ સમાજ સુરક્ષા ખાતુ ગુજરાત રાજ્યદ્વારા સંચાલીત આ ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર રાજકોટ ખાતે કાર્યરત છે. જે સમાજ સુરક્ષા ખાતુ અને રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગથી ચલાવવામાં આવી રહ્યું છે. આ કેન્દ્રની સુચારૂ વ્યવસ્થા માટે જિલ્લા કક્ષાની મુલાકાત સમિતિ કાર્યરત છે, જેના રાજકોટની સમિતિના અધ્યક્ષ કલેકટર પ્રભવ જોષી છે. હાલ કામચલાઉ ધોરણે ટ્રાફિક શાખાના સહયોગથી ભિક્ષુકોને પકડવા રાઉન્ડ અપ ગોઠવી તેમને ભિક્ષુક ગૃહમાં આશ્રય આપવામાં અવો છે. આ કેન્દ્રમાં અંતેવાસીઓના મેડિકલ ચેકઅપ પણ સમયાંતરે થાય છે. હાલ આ ભિક્ષુક ગૃહનું સમગ્ર સંચાલન અધિક્ષક ટી.એસ. ગોહિલ દ્વારા થાય છે. આ ભિક્ષુક સ્વીકાર કેન્દ્રમાં અંતેવાસીઓને કેન્દ્રમાં રાખી તેઓની જરૂરિયાત પ્રમાણે પુનઃસ્થાપન માટે સતત કાર્યશીલ રહેવા પ્રયત્ન કરવામાં આવે છે. સંસ્થામા ટુકા સમય માટે રીમાન્ડ વિભાગ રાખવામાં આવે છે જયારે તેઓની પુછપરછ કૌટુમ્બીક અને સામાજીક વિગતો મેળવી જરૂરી પત્ર વ્યવહાર કે સંપર્ક કરી પુનઃસ્થાપન કરવા માટેની કાર્યવાહી કરી નામદાર કોર્ટ દ્વારા ઠપકો આપી મુક્ત કરવામાં આવે છે અને જે કાર્યવાહીમાં મુકત ન થાય તેવા હોય અથવા પુનઃસ્થાપન ન થાય તેને સંસ્થા ખાતે એક વર્ષ માટે ડીટેઈન કરી રાખવામાં આવે છે.

# કલ્યાણપુરના વીરપર ગામેથી ત્રણ ટ્રકમાં લઈ જવાતા ચોરીના બોકસાઈટનો જથ્થો પકડી પાડતી એલસીબી પોલીસ

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૯







દેવભૂમિ દ્વારકા જિલ્લા એલસીબી પોલીસ તથા ખાણ ખનીજ વિભાગના સંયુક્ત સ્ટાફ દ્વારા ગત મે માસ દરમ્યાન જુદી-જુદી ટીમ મારફતે હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમ્યાન કલ્યાણપુર તાલુકામાંથી ચેકિંગ દરમિયાન પસાર થતા ત્રણ ટ્રકને અટકાવી, ચેકિંગ કરવામાં આવતા આ ટ્રકમાં લઈ જવામાં આવતા બોકસાઈટમાં અન્ય લીઝની રોયલ્ટી પાસનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનું ખુલવા પામ્યું હતું. જેથી આ ટ્રકમાંથી રૂપિયા દસ લાખની કિંમતના ૬૯ ટન બોક્સાઈટનો જથ્થો પોલીસે હાલ કબજે લઈ, અને ખાણ ખનીજ વિભાગને રિપોર્ટ કર્યો હતો. જે સંદર્ભે ભૂસ્તરશાસ્ત્રી કેયુર રાજપુરાની રાહબરી હેઠળ એલ.સી.બી. પી.આઈ. અને રોયલ્ટી ઈન્સ્પેકટર દ્વારા કરવામાં આવેલી ઝીણવટપૂર્વકની તપાસમાં અન્ય લુઝની રોયલ્ટીનો ઉપયોગ કરી અને આચરવામાં આવેલા કૌભાંડમાં ખનીજનું ખનન, ચોરી કરી અને વહન કરાવનારા વીરપર ગામના બે શખ્સો જગા પીઠાભાઈ કાંબરીયા અને ભાવેશ પીઠાભાઈ કાંબરીયાની અટકાયત કરી, જુદા જુદા પાંચ શખ્સો સામે માઈન્સ એન્ડ મિનરલ એકટ તેમજ આઈ.પી.સી.ની જુદી જુદી કલમ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. જિલ્લા પોલીસ અધિક્ષક નિતેશ પાંડેયના વળપણ હેઠળ એલસીબીના પી.આઈ. કે.કે. ગોહિલ તથા સ્ટાફ દ્વારા દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બોકસાઈટ જેવી કિંમતી ધાતુની ચોરીના દૂષણ ડામવા માટે ખાણ ખનીજ વિભાગ અને પોલીસના લાંબા સમયથી ચાલી રહેલા આ ગુપ્ત ઓપરેશનને અંજામ આપવામાં આવતા ખનીજ ચોરી કરતા તત્વોમાં ફફડાટ સાથે દોડધામ પ્રસરી જવા પામી છે.

### સંભવિત વાવાઝોડાની અસર વચ્ચે તંત્રની લાપરવાહીનો ભોગ બનતો યુવક

# દ્વારકાની ગોમતી નદીમાં બે યુવકો ડુબ્યા એકનો બચાવ એક દરિયામાં લાપતા



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૯

દ્વારકાની ગોમતી નદિ સહિત કાઠા વિસ્તારમાં દરિયાઈ મસમોટા મોટા ઉછડી રહ્યા હોય દરિયામાં પાણીનો પ્રવાહ હોવાથી ગોમતી સ્નાન કરતા લોકો માટે જોખમી છે. ગઈકાલે બપોરના સમયે ગોમતી નદિમાં દરિયાઈ પાણીનો ભારે કરંટ હોય દ્વારકાના રૂપણબંદરના બે મિત્રો ન્હાવા પડ્યા હતા. ત્યારે બંને મિત્રો તણાવા લાગતા તેમાથી એકનો બચાવ થયો હતો બીજો વ્યકિત દરિયાઈ પાણીમાં ખેચાઈ જતા લાપતા બન્યો છે. તેની શોધખોળ રેસકયુટીમ દ્વારા કરાઈ રહી છે. હાલ વાવાઝોડાની અસર વચ્ચે દ્વારકાના દરિયામાં ભારે કરંટ વચ્ચે ન્હાવા પડેલા બે યુવકો દરિયાના મોજામાં તણાયા હતા. ગોમતી નદીમાં છલાંગ લગાવતા બે યુવકો તણાયાના વિડીયો પણ સામે આવ્યા હતા. દરિયામાં ડૂબતા બંને યુવકમાંથી એક યુવક સદ નસીબે બચી ગયો છે. જયારે બીજો યુવક દરિયા ના પાણીમાં તણાઈ ગયો છે. તેની શોધખોળ ચાલુ છે. ગોમતી ઘાટ ઉપર રેસ્કયું ટીમ તૈનાત જ ના હોય યુવક દરિયામાં ગરકાય થયો છે. સબંધિકત તંત્ર દ્વારા ગોમતી નદી ઉપર કોઈપણ જાતની સુરક્ષા વ્યવસ્થા વગર લોકોને ન્હાવા દેવતા અકસ્માત બન્યો છે. ઉલ્લેખીયન છે કે વાવાઝોડાની આગાઈના પગલે દ્વારકાના દરિયાઈ પાણીમાં ભારે કરંટ હોય ગોમતીઘાટ ઉપર દરિયાઈ પાણીના મોજા ઉછળી રહ્યા છે. યાત્રિકો દરિયાઈ પાણીથી અજાણ હોય ત્યારે મોજાની મોજ માણતા નજરે પડે છે. ગોમતી ઘાટ ઉપરના સિક્યુરેટીના રેસ્કયુટીમ તંત્ર દ્વારા માત્ર કાગળ ઉપર જ વાતો થઈ રહી છે. નિર્ભર તંત્ર લોકોની સુરક્ષા માટે કેમ રસ દાખવતું નથી તેવા સવાલો ઉભા થયા છે.

# વેરાવળની જે.કે. રામ કોલેજને નરસિંહ મહેતા યુનિવર્સીટી દ્વારા પુર્નઃ જોડાણ આપવામાં

**ગત વર્ષે માળખાકીય સુવિધાને લઈ જોડાણ સ્થગિત કરવામાં આવેલ જેને લઈ કોલેજએ નવા સ્થળે વિશાળ જગ્યાએ બિલ્ડીંગમાં સુવિધા ઉપલબ્ધ કરાવી**



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૯

વેરાવળની સ્વ.જે.કે.રામ આટર્સ એન્ડ કોમર્સ કોલેજનું સુવિધાના મુદે ગત વર્ષે યુનિવર્સિટીએ જોડાણ રદ કર્યુ હતું. જે મામલે સંસ્થાએ યુજીસીના નિયમોનુસાર નવા સ્થળે સુવિધાઓ ઉભી કરી દીધી હતી. જેને ધ્યાને લઈ ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીએ આગામી વર્ષ માટે કોલેજનું પુનઃ જોડાણનો નિર્ણય લીધો છે. જેના પગલે ચાલુ શૈક્ષણિક વર્ષમાં સ્વ.જે.કે.રામ કોલેજમાં આટર્સ અને કોમર્સમાં વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકશે. તાજેતરમાં ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સીલની બેઠક મળી હતી. જેમાં વેરાવળની સ્વ.જે.કે.રામ કોલેજની સંચાલિત અંજનેય ફાઉન્ડેશન સંસ્થા દ્વારા કોલેજમાં ચાલતા આર્ટ્સ અને કોમર્સના અભ્યાસક્રમો માટે સ્થળ ફેરફાર અંગે અગાઉ અરજી કરેલ હતી.

જે અંગે સ્થાનીક તપાસ સમિતિનો અહેવાલ વંચાણે લેવામાં આવ્યો હતો. જેમાં સંસ્થા દ્વારા વેરાવળ બાયપાસ હાઈવે ઉપર ફોનિક્સ સિનેમા સામે ૫ વિઘા જમીનમાં ૬૦ રૂમોની સુવિધા વાળું બિલ્ડીંગ સહિતની સુવિધા ઉપલબ્ધ કરાવી દીધી હોવાનું જણાવ્યું હતું. જેને ધ્યાને લઈ સ્વ.જે.કે.રામ કોલેજને પુનઃ જોડાણ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જેથી ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટે કોલેજમાં આર્ટ્સ અને કોમર્સ વિભાગના અભ્યાસ વર્ગો શરૂ થશે. જેથી છેલ્લા ૧૬ વર્ષથી ચાલતી પંથકની આ કોલેજમાં અભ્યાસ કરવા માંગતા વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકશે તેમ સંચાલક રામશી રામએ જણાવ્યું છે.

### સંશોધનના આધારે નિષ્ણાતોનું માનવું છે કે

# દર્દીને સોમવારના દિવસે સૌથી વધુ હાર્ટ અટેક આવે છે

## કોર્ટિસોલ હોર્મોન્સ એટલે કે તણાવમાં વધારો કરે છે પરિણામે વ્યક્તિને જીવલેણ હાર્ટ અટેક આવી શકે છે

નવી દિલ્હી તા. ૯

અઠવાડિયામાં સાત દિવસ હોય છે જેમાંથી એક દિવસે વૈજ્ઞાનિકોએ સૌથી જોખમી ગણાવ્યો છે. સંશોધનના આધારે નિષ્ણાતોનું માનવું છે કે, આ દિવસે જ સૌથી ઘાતક હૃદયરોગનો હુમલો આવે છે, જેનાથી બચવું લગભગ અશક્ય બને છે. હાર્ટ અટેકથી બચવા માટે તમે ૭ કામ કરી શકો છો, જેની માહિતી અહીં આપવામાં આવી છે. માન્ચેસ્ટરમાં બ્રિટિશ કાર્ડિયોવેસ્કયૂલર સોસાયટી કોન્ફરન્સમાં એક રિસર્ચના પરિણામો જાહેર કરવામાં આવ્યા છે. આ શોધ બેલફાસ્ટ હેલ્થ એન્ડ સોશિયલ કેર ટ્રસ્ટ અને રૉયલ કોલેજ ઓફ સર્જનના ડોક્ટર્સે મળીને કરી છે. જે માટે લગભગ ૨૦,૦૦૦થી વધુ દર્દીઓ પર રિસર્ચ કરવામાં આવ્યું હતું. નિષ્ણાતો અનુસાર, દર્દીને સોમવારના દિવસે સૌથી વધુ એસટીઈએમઆઈ હાર્ટ અટેક આવે છે. જે સૌથ ઘાતક અને જીવલેણ હુમલામાંથી એક છે. તેને **ST-segment elevation myocardial infarction (STEMI)** કહેવામાં આવે છે, જેમાં મુખ્ય ધમની સંપૂર્ણ રીતે બ્લોક થઈ જાય છે અને હૃદયને ઓક્સિજન અને લોહી નથી મળતું. રિસર્ચના મુખ્ય સંશોધનકર્તા કાર્ડિયોલોજીસ્ટ ડોક્ટર જેક અનુસાર, તેની પાછળનું ચોક્કસ કારણ તો જાણવા નથી મળ્યું પરંતુ કેટલાંક હોર્મોન્સ જીવલેણ હુમલા માટે જવાબદાર હોઈ શકે છે. જે સર્કાડિયન રિધમથી પ્રભાવિત થઈને હાર્ટ અટેક અથવા સ્ટ્રોકનું કારણ બની શકે છે. ડોક્ટર જેક અનુસાર, આ ઘાતક અટેકની પાછળ તણાવ કારણ બની શકે છે. જે ઓફિસ અથવા કામ પર પરત ફરવાનો સ્ટ્રોસ સોમવારે વધી જાય છે. જે કોર્ટિસોલ હોર્મોન્સ એટલે કે તણાવમાં વધારો કરે છે પરિણામે વ્યકિતને જીવલેણ હાર્ટ અટેક આવી શકે છે. સામાન્ય હાર્ટ અટેક રક્તવાહિનીઓને અડધી અથવા થોડી બ્લોક થવાના કારણે આવે છે. પરંતુ **STEMI**માં કોરોનરી આર્ટરી સંપૂર્ણ રીતે બંધ થઈ જાય છે. હૃદયની માસપેશીઓ મૃત થઈ જાય છે. તમાકુનું સેવન, સ્મોકિંગ, ડાયાબિટીસ, હાઈ કોલેસ્ટ્રોલ, આલ્કોહોલ અથવા કેટલાંક ડ્રગ્સના કારણે આ હૃદયરોગનો હુમલો ઘાતક બની શકે છે. **STEMI**ના લક્ષણો પણ નોર્મલ હાર્ટ અટેકના સંકેતોની માફક જ હોય છે. દર્દીને છાતીમાં દુ:ખાવો, શ્વાસ ફૂલાઈ જવા, ઉલટી ઉબકાં, ચિંતા, પરસેવો, ચક્કર આવવા અને જડબા તેમજ ખભામાં દુ:ખાવો થઈ શકે છે.

# ખંભાળિયામાં બદીયાણી હોસ્પિટલ ખાતે રવિવારે નેત્ર નિદાન સારવાર કેમ્પ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૯

ખંભાળિયાની જાણીતી સેવા સંસ્થા માનવ સેવા સમિતિ સંચાલિત એલ.પી. બદીયાણી હોસ્પિટલ ખાતે આગામી રવિવાર તારીખ ૧૧ ના રોજ સવારે ૯ થી ૧૨ વાગ્યા સુધી વિના મૂલ્યે નેત્ર નિદાન, સારવાર તથા શસ્ત્રક્રિયા અને દવા વિતરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. યુ.કે. નિવાસી નરેશભાઈ કોટેચાના આર્થિક સહયોગથી યોજવામાં આવેલા આ કેમ્પમાં વીરનગરની જાણીતી શિવાનંદ મિશન હોસ્પિટલના નિષ્ણાંત તબીબો સેવાઓ આપશે. અહીં દર્દીઓને સ્થળ ઉપર તપાસી, વિનામૂલ્યે દવા આપવામાં આવશે. આ ઉપરાંત ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીઓને આ જ દિવસે બસ મારફતે વીરનગર લઈ જઈ અને ત્યાં ઓપરેશન કરી નેત્રમણી બેસાડી અને અત્રે પરત મૂકી જવામાં આવશે. આ કેમ્પનો લાભ લેવા માનવસેવા સમિતિના ટ્રસ્ટીઓ દ્વારા દર્દીઓને અપીલ કરવામાં આવી છે.

# આરંભડાની સગીરા ઉપર દુષ્કર્મ આચરી ગર્ભ રાખી દેતા શખ્સ વિરૂદ્ધ ગુનો દાખલ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૯

ઓખા મંડળના આરંભડા વિસ્તારમાં રહેતા એક પરિવારની સગીર પુત્રી ઉપર આ જ ગામના આશીફ સતાર બેતારા સહિત તમામ ચાર શખ્સો દ્વારા અવારનવાર દુષ્કર્મ ગુજારી, તેણીને ગર્ભ રાખી દઈ, મારી નાખવાની ધમકી આપવા સબબ આરોપી શખ્સ તથા તેના પરિવારજનો સામે જુદી-જુદી કલમ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે.

# જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં આધુનિક મશીન દ્વારા ટાંકા વગરના થતા આંખના સફળ ઓપરેશન

## આધુનિક મશીનથી થતા ઓપરેશનથી રૂઝ ઝડપથી આવે, લાલાશ અને દુઃખાવો ન થવો તેમજ ચશ્માના નંબર ઓછા આવે

**સિવિલ હોસ્પિટલમાં આંખમાં મોતીયો, વેલ સહિતની બિમારીનું ટાંકા વગર ઓપરેશન કરાઇ છે**







જૂનાગઢ, તા.૯

જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં ચાર જિલ્લાના દર્દીઓ સારવાર લેવા માટે આવે છે. આ દર્દીઓને પુરતી સારવાર મળી રહે તેવા સિવિલના ડોક્ટરો અને સ્ટાફ દ્વારા પ્રયાસો કરવામાં આવે છે. જેમાં સિવિલના આંખ વિભાગની વાત કરીએ તો, ફેકો નામના આધુનિક મશીનથી ટાંકા વગરના આંખના મોતીયાના અને વેલ સહિતની બિમારીના સફળ ઓપરેશન કરવામાં આવી રહ્યા છે. આ ઓપરેશન થકી દર્દીઓને ઘણો ફાયદો થાય છે. જેમાં આંખમાં રૂઝ ઝડપથી આવે, લાલાશ અને દુઃખાવો ન થવો તથા ચશ્માના નંબર ઓછા આવે છે. આંખ વિભાગમાં નંબરની તપાસ, મોતીયાની તપાસ, વેલની તપાસ, ઝામરની તપાસ અને પડદા સહિતની તપાસ કરી સારવાર આપવામાં આવે છે. આથી મહિને આશરે ૪૦૦૦ જેટલી ઓપીડી નોંધાઈ છે.

રાષ્ટ્રીય અંધત્વ અને દ્રષ્ટિખામી નિયંત્રણ કાર્યક્રમ એ ૧૦૦ ટકા કેન્દ્રીય પ્રાયોજીત છે. જેનું ગુજરાતમાં અસરકારક અમલીકરણ થઈ રહ્યું છે. જેનું ઉદાહરણ જૂનાગઢની સિવિલ હોસ્પિટલમાં જોવા મળી રહ્યું છે. જૂનાગઢ સિવિલ હોસ્પિટલના આંખ વિભાગમાં આધુનિક મશીન દ્વારા ટાંકા વગરના ઓપરેશન કરવામાં આવી રહ્યા છે. જેના કારણે દર્દીઓને ઘણો ફાયદો થઈ રહ્યો છે.

જૂનાગઢ સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ ડો.નયના લકુમના માર્ગદર્શન હેઠળ આંખ વિભાગના એચઓડી ડો.કિશન મકવાણાની ટીમ કામ કરી રહી છે. જેમાં ડો.દિપ્તી પટેલ, ડો.જય રાઠોડ, ડો.ભાવિક વડનાગરા, ડો.પ્રદિપ પોરિયા, ડો.ચેતના કરમટા અને ડો.દેવાંગી ડોબરિયા સહિતના ડોક્ટરોની ટીમ આંખ વિભાગમાં સારી કામગીરી કરી રહ્યા છે અને આધુનિક ફેકો નામના મશીનથી આંખના મોતીયાના અને વેલના ટાંકા વગરના ઓપરેશન કરવામાં આવી રહ્યા છે. આ અંગે એચઓડી ડો.કિશન મકવાણાએ જણાવ્યું હતું કે, છેલ્લા એક વર્ષમાં ફેકો મશીનથી ૧૦૦૦થી વધુ મોતીયાના ટાંકા વગરના ઓપરેશન કરવામાં આવ્યા છે. આ ઓપરેશન બાદ દર્દીઓને રૂઝ ઝડપથી આવવી, લાલાશ તેમજ દુઃખાવાની ફરિયાદ ન થવી તથા ચશ્માના નંબર ઓછા આવવાના ફાયદાઓ રહે છે. સિવિલમાં મોતીયા સિવાય બીજા અનેક ઓપરેશન થાય છે જેમ કે, વેલનું ઓપરેશન જે ટાંકા વગરનું કરવામાં આવે છે. જેમાં બીજી વખત વેલ આવવાની શક્યતા રહેલી નથી. છેલ્લા એક વર્ષમાં ૩૦૦ જેટલા વેલના ઓપરેશન કરવામાં આવ્યા છે. તેમજ ઈજાના કારણે પાંપણ ફાટી ગઈ હોય એના પણ આશરે ૧૦૦ જેટલા ઓપરેશન કરવામાં આવ્યા છે. ઓપરેશન બાદ ડાઘ થવાની શક્યતા રહેતી નથી. તેમના નાના ઓપરેશનમાં ચરબીની ગાંઠના ટાંકા વગરના ઓપરેશન પણ કરવામાં આવે છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સિવિલના આંખ વિભાગમાં આધુનિક સુવિધાઓ અને સફળ કામગીરીને લઈને મહિને આશરે ૪૦૦૦ જેટલી ઓપીડી નોંધાઈ છે. જેમાં નંબરની તપાસ, મોતીયાની તપાસ, વેલની તપાસ, ઝામરની તપાસ, પડદાની તપાસ સહિતની તપાસ કરી સારવાર આપવામાં આવે છે.

**સિરો પોઝીટીવ દર્દીઓને પણ અલગથી સારવાર અપાઇ છે**

જૂનાગઢ સિવિલ હોસ્પિટલનાં આંખ વિભાગમાં સિરો પોઝીટીવ દર્દીઓ જેવા કે, **PLHA, HBs Ag+Ve** સહિતના દર્દીઓ માટે અલગથી સારવારની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. આવા દર્દીઓને પણ પુરતી સારવાર આપવામાં આવી રહી છે.

**ખાનગી હોસ્પિટલમાં થતી સારવાર સિવિલમાં વિના મૂલ્યે**

આંખના દર્દીઓ જો આધુનિક મશીન દ્વારા મોતીયો, વેલ, ઝામરના ઓપરેશન કરાવવા માટે ખાનગી હોસ્પિટલમાં જાય તો તેમને રૂા.૧૦ થી ૫૦ હજાર સુધીનો ખર્ચે થઈ શકે છે. જ્યારે આ સારવાર જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં વિના મૂલ્યે થાય છે.

# જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીને સંશોધન ક્ષેત્રે રાષ્ટ્રીય કક્ષાએ મળ્યા ૩ એવોર્ડ




જૂનાગઢ, તા.૯

મુખ્ય તેલીબિયાં સંશોધન કેન્દ્ર, જુ.કૃ.યુ., જૂનાગઢ તથા મગફળી સંશોધન નિદર્શાલય, આઈ.સી.એ.આર., જૂનાગઢનાં સયુંકત ઉપક્રમે તા.૨૪ થી ૨૬ મે-૨૦૨૩ દરમ્યાન રાષ્ટ્રીય કક્ષાનો વાર્ષિક મગફળી સંશોધન અંગેના વર્કશોપમાં અગત્યના ખેતી પાકોમાં ગુણવત્તા સભર બીજ ઉત્પાદન બદલ બીજ વિજ્ઞાન અને તકનીક વિભાગ જુ.કૃ.યુ., જૂનાગઢ ને બેસ્ટ સીડ હબ એવોર્ડ થી સન્માનીત કરવામાં આવ્યું હતું તેમજ તા. ૩૧/૫/૨૦૨૩ થી તા.૩/૬/૨૦૨૩ના રોજ રાષ્ટ્રીય કક્ષાની એન્યુલ ગ્રુપ મીટીંગ, તેલીબિયાં પાકો (દિવેલા, તલ અને સુર્યમુખી), કૃષિ સંશોધન કેન્દ્ર, કૃષિ યુનિવર્સીટી, મંડોર, જોધપુર (રાજસ્થાન) ખાતે યોજાયેલ તેમાં વર્ષ ૨૦૧૭ થી ૨૦૨૧ દરમ્યાન કરેલ સંશોધન કામગીરીની સમીક્ષાના આધારે ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ ઓઈલસીડ રીસર્ચ, હૈદરાબાદ દ્વાર દીવેલા સંશોધન કેન્દ્ર, જુ.કૃ.યુ., જૂનાગઢને ભારતનું શ્રેષ્ઠ દીવેલા સંશોધન કેન્દ્ર અને કૃષિ સંશોધન કેન્દ્ર, જુ.કૃ.યુ., અમરેલીને શ્રેષ્ઠ તલ સંશોધન કેન્દ્રનો રાષ્ટ્રીય કક્ષાનો એવોર્ડ આપી અને સન્માનીત કરવામાં આવ્યું હતું. આ એવોર્ડ બદલ કૃષિ સંશોધન સાથે સંકળાયેલ વૈજ્ઞાનિકો અને તેમની ટીમને કુલપતિ ડો. વી. પી. ચોવટિયા, સંશોધન નિયામક ડો. એચ. એમ. ગાજીપરા અને કૃષિ યુનિવર્સીટીના વરિષ્ઠ વૈજ્ઞાનિકોએ ઉત્કૃષ્ઠ કામગીરી બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# મુખ્યમંત્રી દ્વારા લોકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે સ્વાગત ઓનલાઇન ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

**જૂનાગઢ જીલ્લા મથકે તા.૨૨ જુને તથા તાલુકા મથકે તા.૨૧ જુને યોજાશે ફરિયાદ નિવારણ કાર્યક્રમ**

જૂનાગઢ, તા.૯

મુખ્યમંત્રી દ્વારા લોકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજવામાં આવે છે. જેમાં જૂનાગઢ જિલ્લામાં તા.૨૨/૦૬/૨૦૨૩ને ગુરૂવારના સવારે ૧૧ કલાકે જિલ્લા કક્ષાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ જિલ્લા મથકે યોજાશે અને તા.૨૧/૦૬/૨૦૨૩ને બુધવારે સવારે ૧૧ કલાકે દરેક તાલુકા મથકે ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે. લોકોને જિલ્લા મથકે આવવું ન પડે તે માટે ગામના તલાટીને દર મહિનાની ૧ થી ૧૦ તારીખ સુધીમાં તેમના પડતર પ્રશ્નો રજૂ કરી શકાશે. જિલ્લા કક્ષાએ નિકાલ કરવા પાત્ર હોય તેવા પડતર પ્રશ્નો કલેક્ટર કચેરી, જૂનાગઢ અને તાલુકા તથા ગ્રામ કક્ષાએ નિકાલ કરવા પાત્ર હોય તેવા પ્રશ્નો અરજદારોએ તાલુકા મામલતદાર કચેરી અને ગ્રામ પંચાયત કચેરીને તા.૧૦/૬/૨૦૨૩ સુધીમાં સીધા પણ રજૂ કરી શકશે. આ ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં મુદત બાદની અરજી, અસ્પષ્ટ રજૂઆતવાળી અરજી, એક કરતા વધુ વિભાગ, કચેરીના પ્રશ્નો, સુવાચ્ય ન હોય તેવી અરજી, નામ-સરનામા વગરની અરજી, વ્યક્તિગત આક્ષેપોવાળી અરજી, નિતિ-વિષયક પ્રશ્નો, ચાલુ સરકારી કર્મચારીઓના સેવા વિષયક પ્રશ્નો, કોર્ટ મેટર, દિવાની પ્રકારની ખાનગી તકરારો, અપીલ થવા પાત્ર કેસો વાળી અરજી, અરજદારને સ્વયં સ્પર્શતા ન હોય તેવા પ્રશ્નો, અરજદારે તેમની રજૂઆત અંગે સંબંધીત કચેરી/ખાતાનો એકપણ વાર સંપર્ક કર્યા સિવાય પ્રથમ વખત સીધા જ આ કાર્યક્રમમાં રજૂ કરેલ પ્રશ્નો, અગાઉના સ્વાગતા કાર્યક્રમમાં રજૂ થયેલ પ્રશ્નો સ્વાગત કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવશે નહીં, જૂનાગઢ જિલ્લા કક્ષાના પ્રશ્નો જિલ્લા કલેક્ટર કચેરી, જૂનાગઢ ખાતે તા.૨૨/૬/૨૦૨૩ને ગુરૂવારના રોજ સવારે ૧૧ કલાકે કલેક્ટર કચેરીના સભાખંડમાં કલેક્ટર અને સંબંધિત ખાતાના અધિકારીઓ અરજદારોને સાંભળશે. જયારે તાલુકા કક્ષાના પ્રશ્નો મામલતદાર કચેરી ખાતે તા.૨૧/૬/૨૦૨૩ બુધવારના રોજ સવારના ૧૧ કલાકે મામલતદાર અને સંબંધિત ખાતાના અધિકારીઓ અરજદારોને સાંભળશે તેમ જૂનાગઢ જિલ્લા નિવાસી અધિક કલેક્ટરની યાદીમાં જણાવાયું છે.

# જૂનાગઢમાં આપત્તિ વ્યવસ્થાપન સંદર્ભે કર્મચારીઓને તાલીમ અપાઈ



જૂનાગઢ, તા.૯

વર્ષાઋતુ-૨૦૨૩ની પૂર્વ તૈયારી અન્વયે કલેકટર અનિલકુમાર રાણાવસિયા તથા નિવાસી અધિક કલેકટર પી.જી.પટેલનાં માર્ગદર્શન હેઠળ જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ કન્ટ્રોલરૂમમાં અલગ અલગ વિભાગના કર્મચારીને આપત્તિ વ્યવસ્થાપન સંદર્ભેની તાલીમ અને સમજ આપવામાં આવી હતી. તેમજ કંટ્રોલરૂમ ફરજ દરમ્યાન કેવી રીતે મેસેજ લેવો અને કેવી રીતે મેસેજ અંગે કાર્યવાહી કરવી તે અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ડિઝાસ્ટર મેનેજમેન્ટના ડીપીઓ કે. એસ.ત્રિવેદી દ્વારા આ તાલીમ આપવામાં આવી હતી. આ તકે નાયબ મામલતદાર ડી.આર ખમલ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આમ, હવે અલગ-અલગ વિભાગના કર્મચારીઓ માટે તબક્કાવાર તાલીમનું આયોજન કરવામાં આવશે.

# જૂનાગઢમાં રેડક્રોસ હોલ ખાતે આજથી રંગોળી પ્રદર્શન

જૂનાગઢ, તા.૯

ક્રિમસન ધ આર્ટ એકેડેમી અને આકૃતિ આર્ટ એકેડેમીના સંયુકત ઉપક્રમે દર વર્ષની જેમ આ વર્ષે પણ રંગોળી પ્રદર્શનનું આયોજન થયેલ છે. ૧૨ જેટલા નવોદિત કલાકારોએ કલાગુરૂ દિપેન જોષીના માર્ગદર્શન હેઠળ ૫૦ કલાકની અથાગ મહેનતથી હાઈપર રીયાલીસ્ટીક રંગોળીઓ તૈયાર કરેલ છે. ૪૦ ડીગ્રી તાપમાનમાં કોઈપણ જગ્યાએથી પવન ન આવે તેવા રૂમમાં બેસી દિવસના સતત ૧૫ થી ૨૦ કલાક કામ કરી આ રંગોળીઓ તૈયાર કરવામાં આવેલ છે. દરમ્યાન આજ તા. ૯,૧૦, ૧૧ જુન ૨૦૨૩ સુધી આ રંગોળી પ્રદર્શન રેડક્રોસ હોલ, આઝાદ ચોક જૂનાગઢ ખતે નિહાળી શકાશે. પ્રદર્શનાનો સમય સવારે ૧૦થી ૧ અને સાંજે ૪ થી ૯નો રહેશે તેમ એક યાદીમાં જણાવેલ છે.

# જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા ત્રણ વર્ષ જુના 'મા- વાસ્તવ્ય કાર્ડ' અથવા 'આયુષ્માન કાર્ડ' ફરજીયાત અપડેટ કરવા અપીલ

જૂનાગઢ, તા.૯

જૂનાગઢ મહાનગરપાલિકા શહેરી વિસ્તારના નાગરીકોને જણાવવામાં આવે છે કે જે લોકો પાસે હાલમાં મા- વાસ્તવ્ય કાર્ડ કે આયુષ્માન કાર્ડ છે પરંતુ જે કાર્ડ કઢાવ્યાને ત્રણ વર્ષ પુરા થઈ ગયેલ હોય અને તે કાર્ડ રીન્યુ કરાવેલ ન હોય તેઓના કાર્ડ બંધ થઈ ગયેલ હશે. તો આવા કોઈપણ વ્યક્તિને/કોઈપણ કુટુંબમાં અચાનક કોઈ બીમારી આવે અને જો આયુષ્માન કાર્ડ બંધ હોય તેવી પરીસ્થીતીમાં કાર્ડ અંતર્ગત લાભ લેવામાં મુશ્કેલી પડી શકે. આપના કુટુંબમાં કોઈપણ વ્યકિત બીમારીની હાલતમાં કાર્ડ બંધ હોવાના લીધે હેરાન ન થાય અને આપને હોસ્પિટલમાં મોટું ખર્ચ ભોગવવું ન પડે તે હેતુથી તમામ વ્યકિતઓને નમ્ર વિનંતી કે તાત્કાલિક નવા આવકનો દાખલો કઢાવી પોતાના નજીકના સરકારી દવાખાના/અર્બન હેલ્થ સેન્ટરમાં જઈને આયુષ્માન કાર્ડ રીન્યુ કરાવી લેવા આરોગ્ય શાખા જૂનાગઢ મહાનગર-પાલિકા દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે.

# અદાણી સીમેન્ટના અંબુજાનગર પ્લાન્ટ ખાતે ૧ લાખ ટનથી વધુ કચરાનું સાતત્યપૂર્ણ વ્યવસ્થાપન કરાયું

અમદાવાદ, તા.૯

અદાણી સિમેન્ટની કચરો વ્યવસ્થાન શાખાલ, જીઓકલીન તેના અંબુજાનગર પ્લાન્ટમાં સુરક્ષિત રીતે કચરો ઉઠાવીને પુન ઉપયોગ અને પુન ઉત્પાદન ઉપર આધારિત બનાવવા માટે ફાળો આપે છે. પ્લાન્ટ લગભગ એક દાયકાથી ધન અને પ્રવાહી બંને કચરાને સહપ્રક્રિયા કરી રહ્યો છે.

પ્લાસ્ટીકપ્રદૂષણ એ આપણા સમયના સૌથી વધુ દબાણયુકત વૈશ્વિક પર્યાવરણીય પડકારો પૈકીનું એક છે, જે જમીન ઉપર તેમજ પાણીની નીચે જીવનને અસર કરે છે. લેન્ડફિલ્સ અને મહાસાગરોમાં સમાપ્ત થતા સિંગલ-ઉપયોગ પ્લાસ્ટિક કુદરતી ઈકોસિસ્ટમ માટે અસ્તિત્વના પડકારો ઉભા કરે છે. આ પડકારનો સામનો કરવા માટે આગેવાની લેવી અંબુજાનગરે અનેક પહેલ કરી છે. પ્લાસ્ટિકના જોખમ સામે લડવા માટે ઉધોગો અને નગરપાલિકાઓમાંથી પ્લાસ્ટિક કચરાના વ્યવસ્થાપનથી માંડીને સામુદાયિક સ્તરે હસ્તક્ષેપ સુધી સંસ્થાને વ્યવહારૂ, લાંબા ગાળાના ઉકેલો પુરા પાડવા માટે ગંભીર સંકલ્પ દર્શાવ્યો છે.

આ પ્લાન્ટ અસ લાસ્ટિક કચરો ઉત્પન્ન કરે છે વાપી તેમજ દહેજ, અંકલેશ્વર, સુરત અને વડીદરા વિસ્તારમાં વિવિધ કેમિકલ ફાર્માસ્યુટિકલ અને અન્ય ઔધોગિક ક્ષેત્રો પ્લાન્ટમાં સહ-પ્રક્રિયા કરાયેલા કેટલાક કચરાના પ્રવાહોમાં ઔધોગિક કચરો (કાદવ પ્રવાહી અને ધન કચરો), પ્લાસ્ટિકનો કચરો, આરડીએફ વગેરેનો સમાવેશ વાય છે. અત્યાધુનિક પ્રક્રિયાઓ કાર્યરત છે અને ઉચ્ચતમ કાર્યકારી ધોરણો ખાતરી કરે છે કે કચરો કર્મચારીઓ, સમુદાયો અને પર્યાવરણને સુરક્ષિત રીતે સંચાલિત કરવામાં આવે છે. સિમેન્ટ ભઠ્ઠામાં કો-પ્રોસેસિંગ થર્મલ પ્રક્રિયામાંથી એકસાથે સામગ્રી રિસાયક્લિંગ અને ઊર્જા પુનઃપ્રાપ્તિમાં પરિણમે છે. સિમેન્ટ ઉત્પાદન એક તરફ, આ કુદરતી સંસાધનો અને કાર્બનના સંરક્ષણ તરફ દોરી જાય છે ડાર્યોકસાઈડ ઘટાડો અને બીજી તરફ તે કચરાના ટકાઉ કચરા વ્યવસ્થાપન ઉકેલો પૂરા પાડે છે. વર્તમાન વર્ષ ૨૦૨૩માં, અંબુજાનગર પ્લાન્ટે ઔધોગિક મ્યુનિસિપલ અને કૃષિ ક્ષેત્રના ૧,૦૦,૦૦૦ ટનથી વધુ કચરાનું સાતત્યપુર્ણ વ્યવસ્થાપન કર્યું છે અને સ્વચ્છ ભવિષ્ય બનાવવામાં મદદ કરી છે.

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ગીર સોમનાથ દ્વારા પર્યાવરણપૂરક જીવન પધ્ધતિ (LiFE) અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા

## જીલ્લાના ૧૨ ગામના ૩૮૫ જેટલા ખેડૂતોએ ઉત્સાહપૂર્વક કાર્યક્રમોમાં લીધો ભાગ



વેરાવળ, તા.૯

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ગીર સોમનાથ દ્વારા તા. ૨૨મી મે થી ૫મી જૂન ૨૦૨૩ દરમ્યાન પર્યાવરણપૂરક જીવન પધ્ધતિ અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરી લોકોને પર્યાવરણ બચાવવા અંગે જાગૃત કરવામાં આવ્યા હતા. આપણે સૌ જાણીએ છીએ કે હાલમાં થતા વાતાવરણ પલટામાં ક્યાંકને ક્યાંક માનવસૃષ્ટી મહદ અંશે જવાબદાર છે. ત્યારે ખાસ કરીને ખેતિને ટકાવવા માટે પ્રાકૃતિક ખેતી અપનાવવા ઉપરાંત જળ સંગ્રહ પધ્ધતિઓ, હલકા ધાન્યનું માનવ સ્વાસ્થ્યમાં મહત્વ અને પ્રદુષણમુકત પર્યાવરણ માટે વૃક્ષોની ભૂમિકા વગેરે જેવા મહત્વના વિષયો આવરી લઈ લોકોને જાગૃત કરવામા આવ્યા હતા.

વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે રોજ આણંદપરા ખાતે કેવીકે-એસીએફ દ્વારા ખેડુતો સાથે પર્યાવરણ સરંક્ષણના શપથ લેવામાં આવ્યા હતા. અને ફળાઉ રોપાનુ વિતરણ કરવામાં આવ્યું હતું. આ સમગ્ર અભિયાનમાં ગીર સોમનાથ જિલ્લાના જુદા જુદા ૧૨ જેટલા ગામના ૩૮૫ જેટલા ખેડુત-ખેત મહિલાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સમગ્ર અભિયાનને સફળ બનાવવામાં કેવીકેની સમગ્ર ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

## ગીર સોમનાથ ડિઝાસ્ટર નાયબ મામલતદાર પી.બી. કોડીયાતરે ચાર્જ સંભાળ્યો

(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)



પ્રભાસ પાટણ, તા.૯

ગીર સોમનાથ જીલ્લાના ડિઝાસ્ટર મેનેજમેન્ટ અધિકારી તરીકે વેરાવળ પ્રાંત અધિકારી કચેરીના નાયબ મામલતદાર પી.બી. કોડીયાતરની નિમણુંક થતા તેમને જીલ્લા ડિઝાસ્ટર કન્ટ્રોલ મથકનો ચાર્જ સંભાળ્યો. જૂનાગઢ જીલ્લાના માંગરોળના વતની અને ૨૦૧૬થી સરકારી સેવામાં જોડાયેલા તેઓ સુત્રાપાડા મામલતદાર કચેરી, વેરાવળ પ્રાંત અધિકારી કચેરી સહિત વિવિધ સ્થળોએ યશસ્વી, સુપેરે, સફળ ફરજો બજાવી ચુકેલા છે. સાંપ્રત સંભવીત સાયકલોન અંગે રાઉન્ડ ધ કલોક ખડે પગે કાર્યરત છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# આતંકીઓની ધરપકડ સાથે જેહાદી તત્વોનો પર્દાફાશ

છેલ્લા કેટલાક સમયથી રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઈએ) લગભગ દર અઠવાડિયે દેશના કોઈને કોઈ હિસ્સામાં છાપામારી કરીને શંકાસ્પદ આતંકીઓની ધરપકડ કરી રહી છે. તે ક્યારેક પીએફઆઈના આતંકીની ધરપકડ કરે છે, ક્યારેક કોઈ ઈસ્લામિક સ્ટેટ એટલે કે આઈએસ મોડ્યુલનો ભંડાફોડ કરે છે અને ક્યારેક અલકાયદાની ભારતીય ઉપમહાદ્વીપ શાખાના આતંકીઓને પકડે છે. તે ઉપરાંત પાકિસ્તાન અને બાંગ્લાદેશ આધારિત આતંકી સંગઠનોના સદસ્ય પણ તેના હાથે ઝડપાતા રહે છે. એનઆઈએ તરફથી તાજી ધરપકડ જબલપુરમાં કરવામાં આવી. અહીંથી છ શંકાસ્પદ આતંકીઓની ધરપકડ કરવામાં આવી. તેના પહેલાં પણ એનઆઈએ અને મધ્ય પ્રદેશના આતંકવાદ નિરોધક ટીમ એટલે કે એટીએસએ ભોપાલ અને છિંદવાડામાં ૧૧ શંકાસ્પદ આતંકીઓની ધરપકડ કરવામાં આવી હતી. આ જ દિવસે એનઆઈએ અને તેલંગણાની આતંકવાદ નિરોધક ટીમે હૈદરાબાદમાંથી પાંચ શંકાસ્પદ આતંકીઓની ધરપકડ કરી હતી. આ તમામ ૧૬ શંકાસ્પદો વિદેશી આતંકી સંગઠન હિજબ-ઉત-તહરીર સાથે જોડાયેલા છે. આ આતંકી સંગઠનનું નેટવર્ક ૫૦થી વધુ દેશોમાં ફેલાયેલું છે. જોકે એના પર ૧૬ દેશોમાં પ્રતિબંધ મૂકાઈ ચૂક્યો છે, પરંતુ દુનિયા પર ઈસ્લામી રાજ સ્થાપવાના તેના મનસૂબા હજુ અડગ છે! આ સંગઠન અન્ય દેશોની જેમ ભારતમાં પણ લોકતાંત્રિક શાસન પ્રણાલીને બદલે ઈસ્લામિક શરિયા લાવવા માંગે છે. મધ્ય પ્રદેશ એટીએસનું માનીએ તો તેના માટે હિજબ-ઉત-તહરીરે રાજ્યમાં ગુપચુપ રીતે પોતાની કેડર તૈયાર કરવાનું શરૂ કરી દીધું હતું અને તેણે એક આતંકી શિબિર પણ ચાલુ કરી હતી.

મધ્ય પ્રદેશ પહેલેથી આતંકીઓની ગતિવિધિઓનું કેન્દ્ર રહ્યું છે. જાતજાતના આતંકી સંગઠન કદાચ એટલા માટે મધ્ય પ્રદેશમાં આસાનીથી મૂળિયાં જમાવી લે છે, કારણ કે આ એક અન્ય આતંકી સંગઠન સિમી એટલે કે સ્ટુડન્ટ ઈસ્લામિક મૂવમેન્ટ ઓફ ઈન્ડિયાનો ગઢ રહ્યું છે. તે ઉપરાંત મધ્ય પ્રદેશ પ્રતિબંધિત આતંકી સંગઠન પીએફઆઈની ગતિવિધિઓનું પણ કેન્દ્ર રહ્યું છે. મધ્ય પ્રદેશથી જ્યારે ત્યારે સિમી અને પીએફઆઈના આતંકીની ધરપકડ કરાતી રહી છે. વાસ્તવમાં પીએફઆઈની સક્રિયતા માત્ર મધ્ય પ્રદેશમાં જ નહીં, આખા દેશમાં છે. તે દક્ષિણ ભારતમાં પણ એટલું જ સક્રિય છે જેટલું ઉત્તર ભારતમાં. એના પર પ્રતિબંધ લગાવી દેવાયો છે, પરંતુ તેના આતંકીઓ આતંકી ઘટનાઓને અંજામ આપવાની કોશિશ કરતા જ રહે છે. આ જ ક્રમમાં તેઓની ધરપકડ પણ થતી રહે છે, પરંતુ એવું લાગે છે કે તેમના દુસાહસમાં ઓટ નથી આવતી.

એ સાચું કે એનઆઈએ જાતજાતના આતંકી સંગઠનો પર નજર રાખી રહ્યું છે અને હંમેશાં તેમના સદસ્યોની ધરપકડ પણ કરતી રહે છે, પરંતુ જે રીતે નવા-નવા આતંકી સંગઠનો માથું ઊંચકતા રહે છે, તેનાથી એવું જ લાગે છે કે ભારતમાં સક્રિય જેહાદી તાકાતો પર દેશમાં ઈસ્લામી રાજ સ્થાપવાનું ઝનૂન એવી જ રીતે સવાર છે જેવું પાકિસ્તાનના જેહાદી તત્ત્વો અને આતંકી સંગઠનો પર. પાકિસ્તાનના જેહાદી અને કટ્ટરપંથી તત્ત્વોના સનેપાત પાછળ એક નિતાંત ખોટું અર્થઘટન છે, જે કથિત રૂપે ગજવા-એ-હિંદની વાત કરે છે. એ માનવાનાં ઘણાં કારણો છે કે પાકિસ્તાનની જેમ ભારતમાં પણ ગજવા-એ-હિંદનું સપનું જોનારા જેહાદી તત્ત્વોની અછત નથી. સામાન્ય રીતે એવું સપનું જોવા કે પછી આખી દુનિયામાં ઈસ્લામી રાજ સ્થાપવાનો સનેપાત રાખનારા કોઈને કોઈ આતંકી સંગઠનના સદસ્ય બને છે. કટ્ટરપંથી અને જેહાદી માનસિકતાવાળા કઈ રીતે ગજવા-એ-હિંદના સનેપાતથી ગ્રસ્ત છે, તેની જાણ થોડા સમય પહેલાં બિહારના ફુલવારી શરીફથી પીએફઆઈના આતંકીઓની ધરપકડથી થઈ હતી. તેમની પાસેથી ૨૦૪૭ સુધી ભારતને ઈસ્લામી દેશ બનાવવાના દસ્તાવેજ પણ જપ્ત કરવામાં આવ્યા હતા. તે ઉપરાંત ધરપકડ કરાયેલા આતંકી ગજવા-એ-હિંદ નામના એક વોટ્સએપ ગ્રુપ સાથે જોડાયેલા હતા, જેનો એડમિન પાકિસ્તાનનો ફૈજાન નામનો વ્યક્તિ હતો. ૨૧મી સદીના આ યુગમાં કોઈ પાગલ વ્યક્તિ જ ગજવા-એ-હિંદ જેવી વાહિયાત વાત પર વિશ્વાસ કરી શકે, પરંતુ કટ્ટર માનસિકતા ગમે તે કરાવી શકે છે. પીએફઆઈ, આઈએસ, અલકાયદા જેવા આતંકી સંગઠન આ જ સનેપાતનો શિકાર છે કે આખી દુનિયામાં ઈસ્લામી રાજ સ્થાપવાની જરૂર છે. આ જ રીતનું ઝનૂની સંગઠન હિજબ-ઉત-તહરીર છે. એવા સંગઠન છળકપટથી ધર્માંતરણ કરાવવાનું પણ કામ કરાવે છે, કંઈક એવી જ રીતે જેમ ફિલ્મ કેરલ સ્ટોરીમાં બતાવ્યું છે. સ્પષ્ટ છે કે આ એક કાલ્પનિક ફિલ્મ તો નથી જ, જેવું કે એ લોકો દાવો કરી રહ્યા છે જેમને આ ફિલ્મ ગમતી નથી.

# હવે ભક્તો જમ્મુમાં પણ તિરુપતિ બાલાજીના દર્શન કરી શકશે, આજે પહેલીવાર કપાટ ખુલશે



જમ્મુ તા. ૯

જમ્મુ શહેરમાં બનેલા રાજ્યના પ્રથમ તિરુપતિ બાલાજી મંદિરના કપાટ આજથી ભક્તો માટે લેફ્ટનન્ટ ગવર્નરની હાજરીમાં ખોલવામાં આવશે. આ પછી ભક્તો ભગવાન વેંકટેશની પૂજા કરી શકશે. મંદિરમાં ગઈકાલે ભગવાન વેંકટેશ્વરની આઠ અને છ ફૂટની મૂર્તિઓ સ્થાપિત કરવામાં આવી હતી.

જમ્મુ શહેરના સિદ્ધદાના માજીન ગામમાં ૬૨ એકર જમીનમાં ૩૨ કરોડના ખર્ચે તિરુપતિ બાલાજી મંદિરનું નિર્માણ કરવામાં આવ્યુ છે જેમાં બુધવારે આંધ્રપ્રદેશના લગભગ ૪૫ વિદ્વાનોએ વૈદિક મંત્રોચ્ચાર સાથે મૂર્તિઓની પૂજા અને સ્થાપના કરી હતી. આ દરમિયાન મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા. આજે યોજાનારા ધાર્મિક કાર્યક્રમ માટે મંદિરને રંગબેરંગી ફૂલો અને રોશનીથી શણગારવામાં આવ્યું છે તેમજ મંદિરના મુખ્ય ગર્ભગૃહમાં ભગવાન વેંકટેશ્વરની ૮ ફૂટ ઊંચી મૂર્તિ વૈદિક મંત્રોચ્ચાર સાથે સ્થાપિત કરવામાં આવી છે. આ મંદિરમાં મૂર્તિના નિર્માણમાં ગ્રેનાઈટનો ઉપયોગ કરવામાં આવ્યો છે જે આંધ્રપ્રદેશના ગુંટુર શહેરમાંથી લાવવામાં આવી છે અને મંદિર તિરુપતિ બાલાજી મંદિરની તર્જ પર બનાવવામાં આવ્યું છે. મંદિરમાં મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠાની વિશેષ પૂજા ૬ મેથી શરૂ થઈ ત્યારબાદ ધાર્મિક વિધિઓ ચાલી રહી હતી. જમ્મુ શહેર ધાર્મિક પર્યટનની દષ્ટિએ તે ખૂબ જ મહત્વપૂર્ણ હોય ત્યારે હવે મા વૈષ્ણો દેવીના દર્શન કરનારા ભક્તો હવે જમ્મુમાં તિરુપતિ બાલાજીના દર્શન પણ કરી શકશે. ધાર્મિક પ્રવાસન વધવાથી સ્થાનિક લોકોને રોજગારી પણ મળશે.

તિરુપતિ બાલાજી મંદિરનું નિર્માણ તિરુમાલા તિરુપતિ દેવસ્થાન બોર્ડ દ્વારા કરવામાં આવ્યું છે. પ્રથમ તબક્કામાં ભગવાન બાલાજીનું મંદિર, પૂજારીઓ અને બોર્ડ સ્ટાફ માટે આવાસ, શૌચાલય અને પાર્કિંગનું નિર્માણ કરવામાં આવ્યું હતું. બીજા તબક્કામાં વેદ પાઠશાળા, આધ્યાત્મિક કેન્દ્ર બનાવવામાં આવશે. આંધ્રપ્રદેશના જ ૫૦ થી વધુ કારીગરો દ્વારા બનાવવામાં આવે છે. મંદિરનો શિલાન્યાસ જૂન ૨૦૨૧માં કરવામાં આવ્યો હતો. તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ બોર્ડના અધ્યક્ષ વાયવી સુબ્બા રેડ્ડીએ જમ્મુની તેમની મુલાકાત દરમિયાન ચાલી રહેલા બાંધકામનું નિરીક્ષણ કરતી વખતે જાહેરાત કરી હતી કે દરેક રાજ્યમાં ભગવાન વેંકટેશ્વરના મંદિરની સ્થાપના કરવામાં આવશે. આંધ્રપ્રદેશ બાદ મંદિર જમ્મુ-કાશ્મીર, હૈદરાબાદ, દિલ્હી, કન્યાકુમારી, ચિનાની, ભુવનેશ્વરમાં બનશે અને આવા જ મંદિર મુંબઈ, રાયપુર અને અમદાવાદમાં પણ બનાવવામાં આવશે.

# આંતરરાષ્ટ્રીય યોગ દિવસઃ 'એક પૃથ્વી એક સ્વાસ્થ્ય માટે યોગ'

ગાંધીનગર તા.૦૯

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે કે, વિશ્વભરમાં દર વર્ષે ૨૧મી જૂનને 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે સમગ્ર વિશ્વ, આંતરરાષ્ટ્રીય યોગદિવસ 'એક પૃથ્વી એક સ્વાસ્થ્ય માટે યોગ' ની થીમ પર ઉજવણી કરાશે. રાજ્ય સરકાર દ્વારા પણ રાજ્યભરમાં યોગ દિવસ નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

મંત્રી સંઘવીએ ઉમેર્યુ કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય કક્ષાની ઉજવણી સુરત ખાતે થશે, સવારે ૬.૦૦ કલાકે યોજાનાર આ કાર્યક્રમમાં અંદાજે દોઢ લાખથી વધુ લોકો સહભાગી થશે. મુખ્યમંત્રી શ્રી સવારે ૬.૩૦ કલાકે રાજયના નાગરિકોને વર્ચ્યુઅલી સંબોધશે જેનુ જીવંત પ્રસારણ જિલ્લા કક્ષાના કાર્યક્રમોમાં કરાશે. દેશભરમાં ઉજવાઈ રહેલા આંતરરાષ્ટ્રીય યોગદિવસની ઉજવણીઅંતર્ગત વડાપ્રધાન નરેન્દ્ર મોદી સવારે ૬.૪૦ કલાકે વર્ચ્યુઅલી દેશવાસીઓને સંબોધશે, જેનુ પણ જીવંત પ્રસારણ રાજયભરમાં યોજાનાર કાર્યક્રમોમાં કરાશે. આખું વિશ્વ વિશાળ જન ભાગીદારી સાથે યોગદિવસની ઉજવણી કરવાનું છે ત્યારે ગુજરાતના સવા કરોડ નાગરિકો 'યોગમય ગુજરાત' અભિયાનમાં સહભાગી થશે. રાજયભરમાં યોજાનાર આ કાર્યક્રમોમાં રાજયમંત્રી મંડળનાસભ્યો, સાંસદો, ધારાસભ્યો સહિત પદાધિકારીઓ અને અનેક મહાનુભાવો પણ સહભાગી થશે.

મંત્રીએ ઉમેર્યુ કે, સમગ્ર દેશમાં આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી થઈ રહી છે ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સુદ્રઢ માર્ગદર્શન હેઠળ રાજયના ધાર્મિક, પ્રવાસન, ઐતિહાસિક તથા શૈક્ષણિક મહત્વ અને કુદરતી સૌંદર્ય ધરાવતા ૭૫ આઈકોનિક સ્થળો જેવા કે સાબરમતી રિવરફ્રન્ટ, સ્ટેચ્યૂ ઓફ યુનિટી, કચ્છનુંસફેદ રણ તથા મોઢેરા સૂર્યમંદિર જેવા સ્થળોએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. રાજ્યના ૩૩ જિલ્લાઓના જે ૭૫ સ્થળોની પસંદગી કરાઈ છે તેમાં ૧૦ જેટલાં ઐતિહાસિક સ્થળો, ૭ જેટલાં ધાર્મિક સ્થળો, ૧૭ જેટલાં પ્રવાસન સ્થળો, ૩૩ જેટલાં જિલ્લા અને મહાનગરપાલિકાના સ્થળો અને ૮ તાલુકા મથકોના સ્થળની પસંદગી કરવામાં આવી છે.

રાજયના દરેક ગામ, તાલુકા, શહેર, જિલ્લા, નગરપાલિકાઓ, મહાનગર પાલિકાઓની સાથોસાથ શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ, ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ, આરોગ્ય કેન્દ્રો, પોલીસ હેડ ક્વાર્ટર, રાજ્યની જેલો તથા પોલીસ સ્ટેશનો સહિત તમામ જાહેર સ્થળોએ વિશાળ સંખ્યામાં નાગરિકો ભેગા મળી યોગ કરી સ્વસ્થ રાષ્ટ્રના નિર્માણમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપશે.

મંત્રીએ ઉમેર્યુ હતું કે, નવમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે લોકોમાં યોગ અંગે જન જાગૃતિ કેળવાય એ આશયથી ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા રાજયભરમાં છેલ્લા છ માસથી યોગ અંગે વિવિધ જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. જેમાં રાજયભરમાં સૂર્ય નમસ્કાર કાર્યક્રમ, જિલ્લા કક્ષાની યોગ સ્પર્ધા, ઝોન કક્ષાની યોગસ્પર્ધા, અમદાવાદ ખાતે રાજ્ય કક્ષાની યોગસ્પર્ધા, યોગોત્સવ-૨૦૨૩ કાર્યક્રમ, હર ઘર ધ્યાન, ઘર ઘર યોગ અંતર્ગત સમગ્ર રાજયમાં એક જ સમયે ૪૧ કાર્યક્રમો યોજાયાં હતાં. જેમાં મોટા પ્રમાણમાં નાગરિકો જોડાયા હતા. આ સ્પર્ધાના વિજેતાઓને રોકડ પુરસ્કાર તથા પ્રશસ્તિપત્ર પણ એનાયત કરાયા હતા. આ ઉપરાંત જિલ્લા અને મહાનગરપાલિકા કક્ષાએ કોમન યોગપ્રોટોકોલ માટે ૪૧ તાલીમ શિબિરનું આયોજન કરાયું હતું. તેમજ યોગ જાગૃતિ માટે દર શનિ-રવિ ૧૦૦થી વધુ વીકેન્ડ કાર્યક્રમોનું પણ આયોજન કરાયું હતું, આંતરરાષ્ટ્રીય યોગ દિવસની જાગૃતતા માટે કેટલા દિવસ બાકી છે તે દર્શાવતી ૧૧ ફુટ ઉંચાઈ ધરાવતી રિવર્સ ડિજિટલ કાઉન્ટ ડાઉન ઘડીયાળ રાજ્યના ૫૦ આઈકોનીક સ્થળો ઉપર મુકાઈ છે .જયારે બાળકોમાં નાનપણથી જ યોગ પ્રત્યે જાગૃતતા આવે તે માટે રાજયના ૧૦૦ જેટલા સ્થળો ઉપર દસ દિવસના 'સમર યોગ કેમ્પ'નું આયોજન કરાયું હતું.

તેમણે ઉમેર્યુ કે, ચાલુ વર્ષે વિશાળ જનભાગીદારી સાથે સમગ્ર રાજયમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના માર્ગદર્શન માટે મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપદે રાજ્ય સ્તરની સમિતિની રચના કરવામાં આવી છે. આ ઉજવણીના ભાગરૂપે મહાનગરપાલિકા, જિલ્લા, તાલુકા, નગરપાલિકા, ગ્રામ્ય, વોર્ડ, શાળા, કોલેજ, અન્ય સંસ્થાઓ વગેરે તમામ કક્ષાએ યોગ દિવસના કાર્યક્રમો કરવાનું આયોજન કરવામાં આવશે. આ કાર્યક્રમો ભવ્ય રીતે અને સફળતાપૂર્વક યોજાય અને તેમાં રાજ્યભરમાંથી મોટી સંખ્યામાં લોકો જોડાય તે હેતુથી મહાનગર પાલિકા, જિલ્લા, તાલુકા, નગરપાલિકા કક્ષાએ વિવિધ સમિતિઓની રચના પણ કરી દેવાઈ છે.

# બાંગ્લાદેશમાં વીજળીનું બિલ ભરવામાં સરકાર અસમર્થ

## પાયરા પાવર પ્લાન્ટ બંધ થવો એ વાતનો પુરાવો છે કે, સરકાર વીજળી અને ઉર્જા મોર્ચા પર સંકટનો સામનો કરી રહી છે, બાંગ્લાદેશ પણ પાકિસ્તાનના રસ્તે?

ઢાકા, તા.૯

પાકિસ્તાન અને શ્રીલંકા પછી ભારતનો વધુ એક પાડોશી દેશ હવે ગંભીર આર્થિક સંકટમાં આવી ગયો છે. બાંગ્લાદેશ પર વીજળી અને ઉર્જાનું દેવું હાલમાં ૨૫૦ કરોડ બિલિયન ડોલરથી વધારે થઈ ગયું છે.

દેશમાં ૧૦૦ જેટલા પાવર પ્લાન્ટ લગભગ બંધ થઈ ગયા છે અને હજુ વધુ બંધ થવાનો ખતરો ઉભો થયો છે. ગત એક વર્ષમાં બાંગ્લાદેશ સતત પોતાના ઉર્જા અને વીજળી બિલોની ચૂકવણી કરવામાં નિષ્ફળ રહ્યું છે. વીજળી ઉત્પાદક અને આપૂર્તિકર્તા બાંગ્લાદેશને સતત તેમના ઓપરેશન અને સપ્લાય બંધ કરવાની ચેતવણી આપી રહ્યા છે. પાયરા પાવર પ્લાન્ટ બંધ થવો એ વાતનો પુરાવો છે કે, સરકાર વીજળી અને ઉર્જા મોર્ચા પર સંકટનો સામનો કરી રહી છે. બાંગ્લાદેશ ઉપભોક્તા સંઘના ઉર્જા સલાહકાર એસ શમ્સુલ આલમે કહ્યું કે, 'સરકાર ના તો ઉર્જા કરી શકે છે કે ના તો વીજ પ્લાન્ટ્સને ચૂકવણી કરી શકે છે. વીજળી સંકટે ઔદ્યોગિક ગતિવિધીઓને લગભગ ઠપ કરી દીધી છે.' તેમણે કહ્યું કે, સમસ્યા એ છે કે, સરકાર સંકટની ગંભીરતાને પણ નથી સમજતી. બાંગ્લાદેશમાં મંગળવારે કુલ ૧૫૪ વીજ પ્લાન્ટ્સમાંથી લગભગ ૬૫ ટકા કે ૧૦૦ વીજ પ્લાન્ટ્સ અલગ-અલગ કારણોથી, મુખ્ય રીતે ઈંધણની અછતના કારણે



આંશિક રીતે કે પછી સંપૂર્ણ રીતે બંધ હતા. પાવર ગ્રિડ કંપની ઓફ બાંગ્લાદેશ તરફથી જાહેર કરાયેલા આંકડા પરથી જાણવા મળે છે કે, માત્ર ૨૧ વીજ પ્લાન્ટ્સએ મંગળવારે તેમની પૂરી ક્ષમતાનો ઉપયોગ કર્યો. પાકિસ્તાનની જેમ બાંગ્લાદેશનો વિદેશી મુદ્રા ભંડોળ પણ ઘટતો જઈ રહ્યો છે. આ વર્ષે માર્ચના અંત સુધીમાં બાંગ્લાદેશનો વિદેશી મુદ્રા ભંડોળ ૩૧.૧૪ અબજ ડોલર સુધી પહોંચી ગયો હતો, જે ડિસેમ્બર ૨૦૧૬ પછીનો સૌથી ઓછો હતો. બચેલા વિદેશી મુદ્રા ભંડોળથી બાંગ્લાદેશ માત્ર પાંચ મહિના સુધી આયાતના બિલોની ચૂકવણી કરી શકે છે. ભંડોળને વધારવા માટે સરકારે વિદેશોમાં કામ કરતા બાંગ્લાદેશીઓને વધુમાં વધુ રૂપિયા દેશમાં મોકલવાની અપીલ કરી હતી. જોકે, હજુ સુધી તો બાંગ્લાદેશની સ્થિતિ પાકિસ્તાન કરતા તો સારી છે. પાકિસ્તાનના વિદેશી મુદ્રા ભંડોળમાં માત્ર ૪.૧૯ અબજ ડોલર જ બચ્યા છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

કોઈને ખુશી આપવાથી મળેલી ખુશી જ સાચી ખુશી છે.

- ગ્રેટ બૂકર

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.દએ-૧૩૯૨, મુ. જીલ્કાદ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, જયેષ્ઠ વદ-૬ પંચક (સવારે ૬:૦૩ ક.થી પ્રારંભ) તા.૯ જૂન ૨૦૨૩, શુક્રવાર, પારસી તા.૨૮, મુસ્લિમ તા.૧૯, ધનિષ્ઠા નક્ષત્ર, વૈધૃતિ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૦૫, સૂ.અ.૭:૩૫ આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ જ), સવારે ૬:૦૩ ક. પછી જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : અગત્યની કામગીરીમાં સફળતા મળે. અકારણ ખર્ચના ભોગ બનવું પડે.
વૃષભ : પુરૂષાર્થનું શુભ ફળ પામી શકો. વિરોધી વર્ગને પીછેહટ કરવી પડે.
મિથુન : તમારી આશાઓ ફળતી લાગે. નાણાંકીય વ્યવહાર જળવાઈ રહે.
કર્ક : આવેલ તકનો સદ્ ઉપયોગ કરી લેજો. યાત્રા-મુસાફરી થાય.
સિંહ : આર્થિક પ્રશ્નોનો ઉકેલ લાવી શકો. આરોગ્ય અંગે કાળજી રાખવી.
કન્યા : મિત્રોની મદદ મળી રહે. અણધાર્યો ધન લાભ થાય. ધીરજ રાખવી હિતાવહ.
તુલા : સંતાન વર્ગથી લાભ થાય. નવું નાણાંકીય રોકાણ ન કરવું.
વૃશ્ચિક : જીવનસાથીથી લાભ રહે. કાર્યક્ષેત્રમાં અણધાર્યો લાભ મળે.
ધન : હિતશત્રુઓથી સાવચેત રહેવું. તમારા પ્રયત્નો દિપી ઉઠે. સામાજિક કાર્યમાં સફળતા મળે.
મકર : પ્રવાસ-મુસાફરી ટાળવી હિતાવહ. મધ્યમ દિવસ વ્યતિત થાય.
કુંભ : મહત્વના સંબંધો અણધાર્યો લાભ આપી જાય.
મીન : મનની મૂંઝવણ દૂર થાય. આનંદમય દિવસ પસાર થાય.

## સ્વાદનો ચસ્કો એવો લાગ્યો કે ખાવા લાંબી લાઈનો

# ૧૮ વર્ષના છોકરાએ બનાવ્યો બીયર આઈસક્રીમ



નવી દિલ્હી, તા.૯

ગરમીના દિવસોમાં આપણને બધાને એક વસ્તુ સૌથી વધુ ભાવે છે. ઘણા વિસ્તારો અને શહેરોમાંથો સ્પેશિયલ આઈસ્ક્રિમ પાર્લર પણ શરું થઈ ગયા છે. આ બધા વચ્ચે દર વર્ષે કોઈ નવા નવા આઈસ્ક્રિના પ્રકાર લાવે છે અને પોતાના આઈસ્ક્રિમને બધાથી અલગ ગણાવે છે. જોકે કેટલાક આઈસ્ક્રિમ ખરેખલ બિલકુલ અલગ અને હટકે હોય છે. આજે આપણે તેવા જ એક આઈસ્ક્રિમ પાર્લર વિશે વાત કરવાની છે જેનો આઈસ્ક્રિમ ખાવા માટે લાઈનો લાગે છે. તમે પણ અલગ-અલગ પ્રકારના આઈસ્ક્રીમ પણ ખાધા હશે.

પરંતુ, શું તમે ક્યારેય બીયર આઈસ્ક્રીમ ટ્રાય કર્યો છે? નહીં ને? તો ચાલો પુણે શહેરમાં જ્યાં જાતભાતના ફૂડ ઉપલબ્ધ છે, ત્યાં હવે બિયર આઈસ્ક્રીમ પણ મળી રહ્યો છે. પુણેમાં એમઆઈટી કોલેજ નજીક આવેલ જંજીરા હોટલ પાસે તમે વિવિધ પ્રકારના આઈસ્ક્રીમ ખાઈ શકો છો. તાજેતરમાં ૧૨મું પાસ કરનાર ૧૮ વર્ષીય નિર્મય પાટીલે પોતાનું સ્ટાર્ટઅપ મંજીફેરા શરૂ કર્યું છે. તેમની પાસે ચોકો બ્રાઉની, મોચા બદામ અને સોનાપાપડી આઈસ્ક્રીમ પણ છે. આ તમામ વેરાયટીઓમાં સૌથી વધુ લોકપ્રિય છે અહીંનો બીયર આઈસ્ક્રીમ. નિર્મય પાટીલે આપેલી જાણકારી અનુસાર તે સંપૂર્ણપણે બિન-આલ્કોહોલિક આઈસ્ક્રીમ છે. આમાં માત્ર બીયર ફ્લેવરનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ફ્લેવર પ્લાન્ટ હોપ્સમાંથી બનાવવામાં આવે છે. તે એક કડવો છોડ છે અને તેનો ક્રેનબેરી જેવો ભાગ બીયર જેવો સ્વાદ ધરાવે છે. તે ભાગને ચોક્કસ તાપમાને ઉકાળવામાં આવે છે. અમે શરૂઆતમાં નિયમિત ગ્રાહકોને આઈસ્ક્રીમ ટેસ્ટર તરીકે બીયરનો આઈસ્ક્રિમ પીરસવાનું શરૂ કર્યું આ પછી તેને યોગ્ય રીતે પ્રોસેસ કરીને બિયરનો ફ્લેવર બનાવવામાં આવે છે. અમે શરૂઆતમાં નિયમિત ગ્રાહકોને આઈસ્ક્રીમ ટેસ્ટર તરીકે બીયરનો આઈસ્ક્રિમ પીરસવાનું શરૂ કર્યું. તેમનો સારો પ્રતિસાદ મળ્યો પછી આ બીયર આઈસ્ક્રિમને વેચવાનું શરૂ કર્યું. આ આઈસ્ક્રીમને હવે પુણેના લોકો તરફથી સારો પ્રતિસાદ મળી રહ્યો છે. મંજીફેરામાં આઈસ્ક્રીમ જેવો મોહિતો અને જાર્સહી પણ મળે છે. અહીં મોહિતોમાં તમે જાંબુ, કરવંદ, કેરી, કાચી કેરી, આમળા, લાલ જાંબુ મેળવી શકો છો. નિર્મયે કહ્યું કે યુવાનો કરવંદ અને જાંબુ મોહિતોને વધુ પસંદ કરે છે. મંજીફેરાનું મેનુ ઋતુ પ્રમાણે બદલાય છે. અમે મુખ્યત્વે ગ્રાહકોના હિત અને માંગને ધ્યાનમાં લઈએ મેનુ બનાવીએ છીએ. મંજીફેરા એ હકીતમાં કેરીનું જૈવિક નામ છે, આવી માહિતી પણ નિર્મયે આ સમયે આપી હતી.

# શું ભારતમાં ટ્રેન મુસાફરીને સુરક્ષિત બનાવવા માટે પૂરતા પગલાં લેવામાં આવી રહ્યાં છે ?



નવી દિલ્હી તા.૯

ઓડિશાના બાલાસોરમાં થયેલા દુઃખદ અકસ્માતે ફરી એકવાર ભારતમાં રેલવે સુરક્ષાના મુદ્દા ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આ દુર્ઘટના દાયકાઓમાં દેશની સૌથી ભયંકર ટ્રેન અકસ્માતોમાંની એક હતી, અને તે એવા સમયે બની હતી જ્યારે સરકાર રેલ મુસાફરીને આનંદદાયક, અને વધુ સલામત અનુભવબનાવવાનો પ્રયાસ કરી રહી છે. આવા અકસ્માતો ભારતમાં અભૂતપૂર્વ નથી. ૧૯૯૯માં, પશ્ચિમ બંગાળમાં બે ટ્રેનો વચ્ચેની અથડામણમાં ૨૮૫ લોકો માર્યા ગયા હતા, અને ૨૦૧૦માં, તે જ રાજયમાં જયારે પેસેન્જર ટ્રેન પાટા ઉપરથી ઉતરી ગઈ અને કાર્ગો ટ્રેન સાથે અથડાઈ ત્યારે ૧૪૫ લોકો મૃત્યુ પામ્યા હતા. તાજેતરમાં, ૨૦૧૬માં, ઈન્દોર અને પટના શહેરો વચ્ચે મુસાફરી કરતી એક પેસેન્જર ટ્રેન તેના પાટા ઉપરથી લપસી જતાં ૧૬૦ લોકોનાં મોત થયા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકાર છેલ્લા કેટલાક વર્ષોથી વિશ્વના સૌથી મોટા અને સૌથી વ્યસ્ત રેલ નેટવર્ક પૈકી એકમાં હાઈસ્પીડ, સ્વચાલિત ટ્રેનો શરૂ કરીને રેલ આધુનિકીકરણનો પ્રયાસ કરી રહી છે. આમાં ૨૦૨૪ સુધીમાં રેલ્વેનું ૧૦૦% વીજળીકરણ અને ૨૦૩૦ સુધીમાં નેટવર્કને કાર્બન ન્યુટ્રલ બનાવવાની યોજનાનો સમાવેશ થાય છે. આ વર્ષની શરૂઆતમાં, જર્મન એન્જિનિયરિંગ જાયન્ટ સિમેન્સને ૧,૨૦૦ ઈલેક્ટ્રિક ટ્રેનો બનાવવાનો મોટો ઓર્ડર મળ્યો હતો, જ્યારે મુંબઈ અને અમદાવાદ વચ્ચે ૫૦૮ કિલોમીટર પર પ્રથમ બુલેટ ટ્રેનના નિર્માણમાં મદદ કરવા માટે ટેક્નોલોજી અને ફાઈનાન્સ પ્રદાન કરવા માટે જાપાની નિષ્ણાતોને કામ આપવામાં આવ્યું છે. પરંતુ નિષ્ણાતો કહે છે કે નબળા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને કારણે અસંખ્ય ટ્રેન અકસ્માતો થયા છે, જે ટ્રેનની જાળવણી અને ટ્રેકના નવીનીકરણ પર ખર્ચવામાં આવેલા નાણાં ઉપર સવાલો ઉભા કરે છે. ૧૨ મિલિયનથી વધુ કર્મચારીઓ સાથે દેશની લાઈફલાઈન ગણાતી ભારતીય રેલ્વે દરરોજ ૨૩ મિલિયન મુસાફરો અને ૩ મિલિયન ટન માલસામાનનું વહન કરે છે. ૨૧,૦૦૦થી વધુ ટ્રેનો ૬૫,૦૦૦ કિલોમીટરથી વધુ સફર કરે છે.


જો કે, સરકારના કમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના મૂલ્યાંકન મુજબ, ૨૦૧૭-૧૮ અને ૨૦૨૦-૨૧ વચ્ચે ૨૧૭ ટ્રેન અકસ્માતોમાંથી ૧૬૩ પાટા ઉપરથી ઉતરી જવાને કારણે થયા હતા, જે લગભગ ૭૫% અકસ્માતો માટે જવાબદાર છે. ગયા વર્ષે ડિસેમ્બરમાં સંસદમાં રજૂ કરાયેલા અહેવાલમાં કહેવામાં આવ્યું હતું કે આ અકસ્માતોનું મુખ્ય પરિબળ રેલવે ટ્રેક ઉપર જાળવણીનો અભાવ છે. અહેવાલમાં જણાવાયું છે કે ટ્રેક નવીકરણ માટેના ભંડોળમાં ઘટાડો થયો હતો, અને ઘણા કિસ્સાઓમાં, તેનો સંપૂર્ણ ઉપયોગ કરવામાં આવ્યો ન હતો. અહેવાલમાં અકસ્માતોના અન્ય કારણોમાં આગ, માનવરહિત લેવલ ક્રોસિંગ ઉપર અકસ્માતો અને અથડામણો છે. આ ઉપરાંત, સમગ્ર નેટવર્કમાં વિભાગોમાં ઘણી જગ્યાઓ ખાલી હોવાથી, ખાસ કરીને ટ્રેક સેફટીમાં માનવબળની તીવ્ર અછત અંગે ચિંતા વ્યકત કરવામાં આવી હતી. જો કે ઓડિશાના અકસ્માતના કારણની હજુ પણ તપાસ કરવામાં આવી રહી છે, અધિકારીઓએ સંકેત આપ્યો છે કે તેનું સંભવિત કારણ સિગ્નલિંગની ભૂલ હતી. આ અકસ્માતની પ્રકૃતિ ઉપરથી એવું લાગે છે કે તે ઈલેક્ટ્રોનિક સિગ્નલિંગ સિસ્ટમમાં ભૂલને કારણે થયું હતું જેના કારણે ટ્રેન ખોટા પાટા ઉપર આવી ગઈ હતી. પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન અને પૂર્વ રેલવે પ્રધાન મમતા બેનરજીએ ભારતીય મીડિયાને કહ્યું કે, જ્યાં સુધી મને ખબર છે ત્યાં સુધી ટ્રેનમાં કોઈ ટક્કર વિરોધી ઉપકરણ ન હતું. જો આ ઉપકરણ ટ્રેનમાં હોત, તો આવું બન્યું ન હોત.

### સલામતીના ખર્ચે આધુનિકીકરણ ?

'કવચ' નામની નવી એન્ટીટ્રેન અથડામણ પ્રણાલીને કારણે ટ્રેનોને આપમેળે બ્રેક લાગે છે, પરંતુ તે વિશાળ રેલ નેટવર્કના માત્ર ૨% ઉપર જ કાર્યરત છે. કવચ સિસ્ટમ ટ્રેન ઓપરેટરોને સિગ્નલ પાસિંગ અને ઓવર-સ્પીડિંગ ટાળવામાં મદદ કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે અને તે ગાઢ ધુમ્મસ જેવી પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓ દરમ્યાન ટ્રેનની કામગીરી માટે સપોર્ટ પણ પૂરો પાડે છે અને જયારે જરૂરી હોય ત્યારે આપોઆપ બ્રેક લગાવીને, આ સિસ્ટમ ટ્રેનની ઝડપ ઉપર નિયંત્રણ કરે છે. આર્થિક વિશ્લેષક એમ કે વેણુએ ડીડબ્લ્યુની એક મુલાકાતમાં આશ્ચર્ય વ્યકત કર્યુ કે, જો મોદી સરકારે મૂડી ખર્ચમાં અભૂતપૂર્વ વધારા સાથે રેલ નેટવર્કના આધુનિકીકરણ અને વિસ્તરણમાં વધારો કર્યો છે, તો શું તેઓએ સાથે સાથે સલામતી માટે પણ પ્રમાણસર ભંડોળ આપ્યું છે? દેખીતી રીતે સરકાર હવે વધુ ઝડપથી ડબલ લાઈન કરવા, લગભગ સમગ્ર નેટવર્કને બ્રોડ-ગેજમાં રૂપાંતરિત કરવા, ઉચ્ચ- સંચાલિત લોકોમોટિવ્સ શરૂ કરવા અને ઈલેક્ટ્રિફિકેશન પ્રોજેક્ટ્સ પૂર્ણ કરવાનું આયોજન કરી રહી છે. આ તમામ પગલાંથી ભારતીય રેલ્વેની લાઈન ક્ષમતામાં વધારો થવાની અપેક્ષા છે. ભારતે હાઈસ્પીડ, ઓટોમેટેડ વંદે ભારત ટ્રેનો પણ શરૂ કરી છે, જે અત્યાધુનિક પેસેન્જર સુવિધાઓથી સજ્જ છે. સરકાર આગામી પાંચ વર્ષ દરમ્યાન લગભગ ૪૦૦ વંદે ભારત ટ્રેનો શરૂ કરવા અને હાઈડ્રોજન સંચાલિત, ઈકો-ફ્રેન્ડલી વંદે ભારત મેટ્રો ટ્રેનોનું નિર્માણ કરવા માગે છે. ૬૫,૦૦૦ કિલોમીટરના ટ્રેકને અપગ્રેડ કરવા અને નેટવર્ક ઉપર આધુનિક સિગ્નલિંગ સાધનો સ્થાપિત કરવા માટે હજુ ઘણું બધું કરવાની જરૂર છે. ઓડિશામાં ટ્રેન અકસ્માત એ રેલવેને વધુ કાર્યક્ષમ અને સુરક્ષિત બનાવવાના વચનને પૂર્ણ કરવામાં સરકાર સામે રહેલા અવરોધોની યાદ અપાવે છે.

## રેલવે સિગ્નલ-ટેલિકોમ વિભાગને અપગ્રેડ કરવાની અને કૌશલ્ય ધરાવતા કર્મચારીઓની જરૂર છે

ઓડિશા ટ્રેન દુર્ઘટનામાં ૨૭૫થી લોકોના મૃત્યુ થયા છે, જે ભારતીય રેલવેની કામગીરીમાં સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન વિંગની ગંભીર અવગણના અને નિષ્ફળતાઓને છતી કરે છે. જયારે આધુનિક ટ્રેનો અને મશીનરી જેવી માળખાકીય સુવિધાઓને અપગ્રેડ કરવા માટે નવી ટેકનોલોજી દાખલ કરવામાં આવી રહી છે ત્યારે પાટાની સુરક્ષા જાળવવા, ઓવરહેડ ટ્રેક્શન, ઝડપ અને અન્ય સમસ્યાઓ ઉપર કામ કરવાની જરૂર છે. આ દુર્ઘટનાએ માનવ સંસાધનની સમસ્યા ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યુંછે, ખાસ કરીને ટેલિકોમ્યુનિકેશન-સિગ્નલિંગ વિંગમાં ગ્રાઉન્ડ લેવલ પર અર્ધકુશળ કામદારો કામ કરે છે અને સામાન્ય લાઈનમેનને યાંત્રિક અથવા અત્યાધુનિક ઈલેક્ટ્રોનિક સિસ્ટમ્સનું સંચાલન કરવા માટે પ્રમોટ કરવામાં આવે છે, જે અયોગ્ય છે. ગ્રાઉન્ડ લેવલના સ્ટાફ પાસે ટ્રાફિક અથવા સિવિલ એન્જિનિયરિંગ જેવા કામ કરવાનો વ્યક્તિગત અનુભવ નથી. તેનું કામ જાળવણી અથવા નિરીક્ષણ અથવા સમારકામ પૂર્ણ કરવા માટેનો છે. અનેક સ્ટેશનો ઉપર આવી સમસ્યા ખૂબ જ ગંભીર છે જ્યાં એક્સપ્રેસ ટ્રેનો અટક્યા વિના પસાર થાય છે. રેલવેએ સંબંધિત કંપનીઓ દ્વારા નવા ટેલિકોમ-સિગ્નલ સાધનોની જાળવણી સહિત કેટલાક કાર્યોનું આઉટસોર્સિંગ શરૂ કર્યું છે. આ કંપનીઓ ઓછા પ્રશિક્ષિત અને ઓછા પગારવાળા ટેકનિકલ કર્મચારીઓને તૈનાત કરે છે જેમાં નવા એન્જિનિયરિંગ સ્નાતકોનો પણ સમાવેશ થાય છે અને તેઓને આવી જગ્યાઓ ઉપર કામ કરવાનો કોઈ અનુભવ હોતો નથી. રેલવે



એન્જિનિયરોમાં પણ આવા સ્થાનોએ કોઈ કામ કરવા તૈયાર નથી અને દૂરના સ્થળોએ તેમના માટે કોઈ સગવડતાઓ હોતી નથી અને નાના ક્વાર્ટર્સમાં તેઓને રાખવામાં આવે છે. અમારે સારી સંસ્થાઓમાંથી ઉચ્ચ ગુણવત્તા ધરાવતા એન્જિનિયરોની નિમણૂંક કરવા વિશે વિચારવાની જરૂર છે અને એ પણ સારા પગાર સાથે, અને તેમના માટે સતત તાલીમ કાર્યક્રમો અને કાઉન્સેલિંગ કરવું જોઈએ કારણ કે સલામતી એ રેલ્વે માટે સર્વોચ્ચ મહત્વ છે. આ એકીકૃત સંચાલિત માળખું હોવા છતાં આ મુદ્દો આંતર-વિભાગની હરીફાઈનો પણ છે. રેલ્વે એ સરકારી હોવાથી કામગીરી માટે કોઈ પ્રોત્સાહન આપવામાં આવતું નથી. ટોચના વડાઓને બચાવવા માટે, અને સિસ્ટમની નિષ્ફળતાને ઢાંકવા માટે ઈન્ટર-લોકિંગ સિગ્નલ સિસ્ટમ સાથે ચેડાં કરવામાં આવી રહ્યાની થિયરી રજૂ કરવામાં આવી રહી છે. રેલવે માટે પુષ્કળ નાણાં ખર્ચ કરવામાં આવે છે ત્યારે મૂળભૂત સિસ્ટમ બદલ્યા વિના સરકાર યુરોપિયન ટ્રેન કંટ્રોલ સિસ્ટમ (ETCS) સાથે કંઈક નવીન કરવાનું વિચારી શકે છે, જેમ કે CBTC જે કોમ્યુનિકેશન આધારિત ટ્રેન કંટ્રોલ સિસ્ટમ સમગ્ર મેટ્રો રેલમાં વપરાય છે તેને અપનાવવાની જરૂર છે.

# "રાજ્યમાં કોઈપણ IPS અધિકારીએ માનીતા PI-PSIની માંગણી કરવી નહીં", બદલી અંગે રાજયના DGPની ચોખવટ

### રાજ્યના DGP વિકાસ સહાયના પરિપત્રથી પોલીસ બેડામાં હડકંપ



ગાંધીનગર, તા.૯

રાજયની પોલીસ બદલીને લઈને એક મહત્ત્વના સામાચાર આવ્યા છે. રાજય પોલીસ વડા વિકાસ સહાય દ્વારા એકપરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. આ પરિપત્રમાં જણાવવામાં આવ્યું છે કે હવે પછી પોલીસ અધિકારીઓએ નામજોગ માંગણી કરેલા કર્મચારીઓની બદલી થશે નહીં. આઈપીએસ અધિકારી પોતાના પસંદગીના પીઆઈ કે પીએસઆઈની માંગ કરી શકશે નહીં. વિકાસ સહાયના આ પરિપત્રએ પોલીસ બેડામાં ભારે ચર્ચા જગાવી છે.

રાજયમાં જયારે પણ પોલીસ અધિકારીઓની વહીવટી બદલી થતી હોય છે ત્યારે અમુક અધિકારીઓ પોતાના પસંદીતા પીઆઈ અને પીએસઆઈની બદલી પોતાની પાસે કરાવતા હોય છે. અધિકારીઓ પોતાની અંગત ભલામણના અનેક કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે ત્યારે હવે આ વાત રાજય પોલીસ વડા વિકાસ સહાયને ધ્યાને આવી છે. આ પ્રકારની ગતિવિધિ રોકવા માટે કડક પ્રયાસો હાથ ધરાઈ છે. રાજયમાં કેટલીક રજૂઆતની તપાસ કરતા કેટલાક કિસ્સાઓમાં કેટલાક અધિકારીઓએ તેમના હેઠળની કચેરી ખાતે પીઆઈ અને પીએસઆઈની નિમણૂંક આપવા રજૂઆત કરી છે. રાજયના પોલીસ વડા વિકાસ સહાય દ્વારા એક પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે. આ પરિપત્રની અંદર જણાવવામાં આવ્યું છે કે રાજય પોલીસ દળની વિવિધ કચેરીઓના અધિકારીઓ તેમની કચેરી માટે પીઆઈ અને પીએસઆઈ સંવર્ગમાં અમુક ચોક્કસ અધિકારીઓની નામ જોગ માંગણી કરે છે. આવી રજૂઆતોને અત્રેથી પ્રોત્સાહન આપવામાં આવશે નહીં. આ પરિપત્રમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે ફરજ મોકુફ ઉપરથી ફરીથી હાજર થયેલા પોલીસ અધિકારીઓ તેઓને જે કચેરીની ફરજ દરમ્યાન ફરજ મોકુફ થયેલ છે. તે જ કચેરીના વડા દ્વારા તેમની ફરીથી માંગણી કરવામાં આવે છે. આ બાબત ગંભીર જણાતા આ પ્રકારની રજૂઆતોને પણ અત્રેથી પ્રોત્સાહન આપવામાં આવશે નહીં.

# ગોંડલમાં સો વર્ષથી પણ જૂના બે બ્રિજની જર્જરિત સ્થિતિની સમીક્ષા કરવા હાઈકોર્ટનો આદેશ

અમદાવાદ, તા.૯

ગોંડલ શહેરમાં આવેલા સો વર્ષથી પણ જૂના બે હેરીટેજ બ્રીજની જર્જરિત સ્થિતિને લઈ તાત્કાલિક ધોરણે આ બ્રીજનું સમારકામ અને યોગ્ય જાળવણી મુદ્દે ગુજરાત હાઈકોર્ટ સમક્ષ એક મહત્ત્વની રિટ અરજી દાખલ થયા બાદ તેની સુનાવણીમાં આજે જસ્ટિસ એ.જે.દેસાઈ અને જસ્ટિસ બીરેન વૈષ્ણવની ખંડપીઠે રાજય સરકાર, રાજયના માર્ગ અને મકાન વિભાગ, ગોંડલ નગરપાલિકા સહિતના સત્તાવાળાઓને શો-કોઝ નોટિસ જારી કરી છે. આ ઉપરાંત હાઈકોર્ટે બંને બ્રીજની સ્થિતિ અંગે નિષ્ણાતોની કમિટી બનાવીને તેનો અહેવાલ રજૂ કરવા આદેશ કરીને કેસની વધુ સુનાવણી તા.૨૮મી જૂનનારોજ મુકર્રર કરી હતી. અરજદાર યતિશ દેસાઈ દ્વારા કરવામાં આવેલી જાહેરહિતની રિટ અરજીમાં રજૂઆત કરવામાં આવી હતી કે, ગોંડલ શહેરમાં સો વર્ષથી પણ જૂના બે બ્રીજ આવેલા છે અને તેનું નિર્માણ મહારાજા ભગવતસિંહજીના શાસન દરમ્યાન કરવામાં આવ્યું હતું. ઘોઘાવદર ચોકથી પાંજરાપોળ અને હોસ્પિટલ ચોકથી મોંઘી બા સ્કૂલ પાસે આ આવેલા આ બંને બ્રીજની હાલત છેલ્લા ઘણા સમયથી બિસ્માર અને જર્જરિત છે. મોવીયા, આટકોટ, ઘોઘાવદર અને જસદણ સહિતના વિસ્તારનો લોકો દ્વારા આ બ્રીજનો મોટા પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવી રહ્યો છે પરંતુ બ્રીજની જર્જરિત અને બિસ્માર હાલતને લઈ તેનું તાત્કાલિક સમારકામ અને જાળવણી કરવું ખૂબ જરૂરી બન્યું છે, અન્યથા મોરબી ઝુલતા પુલ જેવી દુર્ઘટના સર્જાવાની પૂરી દહેશત છે. ખુદ ગોંડલ નગરપાલિકાને બંને બ્રીજની જર્જરિત સ્થિતિ વિશે ખબર છે અને તેણે ખુદ તા.૧૯-૩-૨૦૨૦ના પત્રમાં સ્વીકાર્યુ છે કે, બ્રીજની મરામતની જરૂર છે તેમછતાં હજુ સુધી તેના રીપેરીંગ કે મરામતના કોઈ પગલાં લેવાયા નથી. આ સંજોગોમાં હાઈકોર્ટે બંને બ્રીજનો સ્ટ્રકચરલ સ્ટેબીલીટી રિપોર્ટ મંગાવી બ્રીજના રિપેરીંગ અંગે તાત્કાલિક હુકમ કરવો જોઈએ. આ બાબતે સ્થાનિક સત્તાવાળાઓથી લઈ રાજય સરકારના ઉચ્ચ સત્તાધીશો સમક્ષ રજૂઆતો કરવા છતાં આજદિન કોઈ જ નિર્ણય લેવાયો નથી કે અસરકારક કામગીરી કરવામાં આવી નથી.

# છેલ્લા એક માસમાં પાકિસ્તાનની જેલમાંથી ગુજરાતના ૩૫૫ માછીમારો મુક્ત થયા

ગાંધીનગર, તા.૯

ગુજરાતના માછીમારો અરબી સમુદ્રમાં માછીમારી કરતા સમયે કેટલીક વાર દિશાભ્રમ થઈ જતા પાકિસ્તાનની સરહદ ઓળંગી જાય છે ત્યારે પાકિસ્તાનના સુરક્ષા દળો દ્વારા તેમનું અપહરણ કરી કેદ કરવામાં આવે છે. આવા નિર્દોષ માછીમારોને પોતાના વતન પરત લાવવા માટે રાજય સરકાર અને ભારત સરકાર દ્વારા સતત પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. આ પ્રયાસોના પરિણામે જ છેલ્લા એક મહિનાના સમયગાળામાં પાકિસ્તાનની જેલમાંથી બે તબક્કામાં કુલ ૩૯૮ ભારતીય માછીમારોને મુક્ત કરવામાં આવ્યા છે. જે પૈકી ગુજરાતના ૩૫૫ માછીમારોની વર્ષો બાદ વતનવાપસી થઈ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન અને મત્સ્યોદ્યોગ મંત્રી રાઘવજીભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજય સરકાર દ્વારા ગુજરાતના માછીમારોને પાકિસ્તાનની જેલમાંથી મુક્ત કરાવવા ભારત સરકાર સમક્ષ સતત કરાયેલી રજૂઆતોના પરિણામે આજે આ સાગરખેડૂઓના પરિવારોમાં આનંદની લાગણી છવાઈ છે. કેન્દ્ર અને રાજય સરકારના પ્રયાસોથી પાકિસ્તાનની કેદમાં રહેલા ગુજરાતના ૧૭૧ માછીમારો સહિત દેશના કુલ ૨૦૦ માછીમારોને ગત ૨ જૂન, ૨૦૨૩ના રોજ મુક્ત કરાયા હતા. તબીબી તપાસ અને વેરીફીકેશન બાદ ગુજરાતના આ માછીમારો ટ્રેન મારફત વડોદરા આવતા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ બસ મારફત તેઓને સુરક્ષિત રીતે પોતાના ઘર સુધી પહોંચાડવામાં આવ્યા હતા.

# રાજ્ય વ્યાપી શાળા પ્રવેશોત્સવનો ૨૦મો તબક્કો ૧૨થી ૧૪ જૂન દરમ્યાન યોજાશે

### બાળકોના શાળા પ્રવેશ ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરાશે : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

ગાંધીનગર, તા.૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ વર્ષે યોજાનારા ૨૦માં શાળા પ્રવેશોત્સવ દરમ્યાન બોર્ડર વિલેજ-સરહદી વિસ્તારના ગામોની શાળાઓમાં પ્રવેશોત્સવ ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવાનો નિર્ધાર વ્યકત કર્યો છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, બોર્ડર વિલેજને છેવાડાના કે છેલ્લા ગામ નહિ પરંતુ પ્રથમ ગામ ગણીને પ્રાથમિક શિક્ષણ સહિતની માળખાકીય સુવિધાઓ સુદ્રઢ કરવાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલા અભિનવ વિચારને સુસંગત આ વર્ષનો શાળા પ્રવેશોત્સવ યોજવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આ ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવમાં કચ્છ, ભાવનગર અને નર્મદા જિલ્લાના સરહદી ગામોની શાળાઓમાં ભુલકાંઓનો પ્રવેશ કરાવશે. રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા પાછલા બે દાયકાથી યોજાઈ રહેલા શાળા પ્રવેશોત્સવનો ૨૦ મો તબક્કો આગામી ૧૨થી ૧૪જૂન-૨૦૨૩ દરમ્યાન યોજાવાનોછે. ઉજવણી ઉજવળ ભવિષ્યની થીમ સાથે યોજાનારા આ શાળા પ્રવેશોત્સવની પૂર્વ તૈયારીઓ તથા સમગ્ર આયોજન અંગેની માર્ગદર્શન બેઠક મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગરમાં યોજવામાં આવી હતી. રાજ્ય મંત્રીમંડળના મંત્રી, સાંસદઓ તથા પદાધિકારીઓ તેમજ મુખ્ય સચિવ રાજકુમાર અને વરિષ્ઠ સચિવો તથા પ્રવેશોત્સવમાં સહભાગી થનારા ઉચ્ચ અધિકારીઓ આ બેઠકમાં જોડાયા હતા. મુખ્યમંત્રીએ રાજયનું દરેક ગામ એક સરખી રીતે વિકાસ પામે અને પ્રાથમિક શિક્ષણની જ્યોત છેવાડાના બોર્ડર વિલેજ સુધી પ્રસરે તેવી નેમ સાથે વડાપ્રધાનના એક ભારત-શ્રેષ્ઠ ભારતના મંત્રને સાકાર કરવા પ્રેરક આહવાન કર્યુ હતું. તેમણે ઉમેર્યુ કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતનું એક પણ બાળક શાળાએ જવાથી વંચિત ન રહે તેવી પ્રતિબદ્ધતા સાથે ૨૦૦૩ થી આ રાજયવ્યાપી શાળા પ્રવેશોત્સવ શરૂ કરાવ્યો છે. શાળા પ્રવેશોત્સવની ઉત્તરોત્તર સફળતાને પરિણામે ડ્રોપ આઉટ રેઈટ ૩૭ ટકાથી ઘટીને ૨ ટકા જેટલો નીચો આવી ગયો છે. એટલું જ નહિ, શાળામાં બાળકોના નામાંકનનો દર પણ ૭૫ ટકાથી વધીને ૯૯ ટકાએ પહોંચ્યો છે તેની મુખ્યમંત્રીશ્રીએ ભૂમિકા આપી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ સફળતા માટે શાળા પ્રવેશોત્સવ સાથે સંકળાયેલા સૌને તથા શિક્ષણ વિભાગને અભિનંદન આપતાં કહ્યું કે, આપણા નિષ્ઠાપૂર્વકના પ્રયાસોથી આ શક્ય બન્યું છે. તેમણે શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી અભિયાન જેવા શિક્ષણ સેવાલક્ષી આયામોથી શિક્ષકો અને વાલી ગણના માઈન્ડ સેટમાં પણ બદલાવ આવ્યો છે તેમ ઉમેર્યુ હતું. આ અંગે મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું કે, આજે એવી સ્થિતિ ઊભી થઈ છે કે જો કોઈ બાળક એકાદ દિવસ પણ શાળામાં ગેરહાજર રહે તો શિક્ષક સ્વયં બાળકના ઘરે પહોંચી જઈ તેની ગેરહાજરીના કારણો અને પરિસ્થિતીની તપાસ કરે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વિકસીત ભારત બનાવવાના કરેલા સંકલ્પમાં વિકાસના મોડેલ સ્ટેટ તરીકે ગુજરાત અગ્રેસર રહે અને કોઈ ઉણપ ન રહે તે માટે શિક્ષણ સેવાના આ યજ્ઞ એવા શાળા પ્રવેશોત્સવને નવી ઊંચાઈએ લઈ જવા અનુરોધ કર્યો હતો. શાળા પ્રવેશોત્સવ પહેલાં પુસ્તકો પહોંચાડવામાં આવ્યા હોવાની વિગતો આપતાં આ માર્ગદર્શન બેઠકમાં જણાવવામાં આવ્યું કે, ધોરણ ૧થી ૧૨ના ૪.૬૫ કરોડ પુસ્તકો પહોંચાડી દેવાયા છે તેમજ ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓને પણ પુસ્તકો સમયસર મળી રહે તે માટે ૧.૦૪ કરોડ પુસ્તકો વિતરકો સુધી પહોંચાડી દેવામાં આવ્યા છે. બાલવાટિકામાં પ્રવેશ મેળવનારા ભુલકાંઓ માટે ૧૧.૬૭ લાખ બૂક્સ પ્રિન્ટીંગ કરીને શાળાઓમાં પ્રવેશોત્સવ શરૂ થતા પહેલાં રાજ્ય સરકારે પાઠય પુસ્તક મંડળ મારફતે પહોંચાડી દીધા છે.

# રતન ટાટાનું ભવ્ય ઘર 'કેબિન્સ' : રૂા.૧૫૦ કરોડના આ બંગલામાં ૧૫ પાર્કિંગ સ્પોટ, ઈન્ફિનિટી પુલ, બાર્બેક્યૂ ઝોન સહિત વિવિધ સુવિધાઓ છે

(એજન્સી) તા.૯

ટાટા સન્સના પૂર્વ ચેરમેન રતન ટાટાએ ટાટા ગ્રુપના વિશાળ સામ્રાજયનું નેતૃત્વ પણ સંભાળ્યું હતું. હવે તેઓ તેમની નિવૃત્તિ પછી ઘણા વર્ષોથી શાંત અને આરામદાયક જીવન જીવી રહ્યા છે. તેઓ એક સાધારણ જીવનશૈલી જીવી રહ્યા છે પણ મુંબઈના કોલાબામાં તેમનું ઘર કોઈ અજાયબીથી ઓછું નથી. રતન ટાટાની કોલાબા હવેલી એ મુંબઈના સૌથી પોશ વિસ્તારો પૈકી એકમાં આવેલી છે અને તેનું નામ 'કેબિન્સ' છે. તેઓ ટાટા જૂથમાંથી નિવૃત્તિ લીધા પછી ત્યાં રહે છે. રતન ટાટાનું આ ઘર સમુદ્રની સામે આવેલું છે અને મુંબઈના આ ઘરને કોલાબામાં સૌથી ભવ્ય હવેલીઓ પૈકી એક તરીકે ઓળખવામાં આવે છે. ૨૦૧૨માં ટાટા સન્સના ચેરમેન પદેથી રાજીનામું આપ્યા પછી રતન ટાટાએ તેમની નિવૃત્તિ પછી રહેવા માટે આ વૈભવી ઘર બનાવ્યું હતું અને ત્યાં રહેવા ગયા હતા. બ્રોકરેજ ફર્મ્સ અનુસાર, ૨૦૨૩ સુધીમાં ટાટાના આ ઘરની કિંમત રૂા.૧૫૦ કરોડથી વધુ છે. રતન ટાટાનું આ ઘર વિશાળ ૧૩,૦૦૦ ચોરસ ફૂટ વિસ્તારમાં ફેલાયેલું છે અને તેમાં ત્રણ માળ છે, જે સાત સ્તરોમાં વહેંચાયેલું છે. આ વિશાળ હવેલીમાં ચાર બેડરૂમ અને ખાનગી વ્યાયામ સ્થળ, છત ઉપર સ્વિમિંગ પૂલ અને ભવ્ય પૂજા રૂમ જેવી અનેક સુવિધાઓ છે. રતન ટાટાના રૂા.૧૫૦ કરોડના ઘરની અન્ય વિશેષતાઓમાં આ લકઝરી હાઉસમાં છત ઉપર ઈન્ફિનિટી પૂલ અને સમુદ્ર તરફનો નજારો જોવા મળે છે અને તેમાં વિવિધ વૈભવી સુવિધાઓ છે. તેમાં એક ખાનગી જીમ્નેશિયમ, ચાર સફેદ અને શાંત બેડરૂમ અને મીટિંગ એરિયા પણ છે. રતન ટાટાના ઘરની હવાદાર સન ડેકમાં એક સાથે ૫૦ જેટલા લોકો બેસી શકે છે અને બેઝમેન્ટ કાર પાર્કિંગમાં ૧૫થી વધુ કાર રહી શકે છે. ઘરના ઉપરના માળે એક વિશાળ બાર અને બાર્બેક્યૂ ઝોન પણ છે. આ ઉપરાંત, ટાટા સન્સના પૂર્વ ચેરમેનના ઘરમાં એક અત્યાધુનિક મીડિયા રૂમ, એક પુસ્તકાલય અને એક જીમ છે, જેમાં ઉચ્ચ તક્નિકી સાધનો છે. રતન ટાટા ઘણા વર્ષોથી આ ઘરમાં રહે છે પરંતુ જ્યારે તેમના અંગત જીવન વિશે વાત કરવામાં આવે છે ત્યારે તેઓ સોશિયલ મીડિયાથી દૂર રહેવાનું પસંદ કરે છે.

